# સાબરમતી

नदीमुखेनैव समुद्रमाविशेत्

અંકઃ07 | જુલાઈ 2026

આષાઢ



# સાંકળિયું


1. અમદાવાદની રથયાત્રા: અમદાવાદની અનોખી ઓળખ ................................ 4
   - ડૉ. રાજેન્દ્ર જોષી

2. વૈશ્વિક કટોકટી અને સત્યાગ્રહ: પશ્ચિમ એશિયાના સંઘર્ષનો ગાંધીવાદી જવાબ ........ 6
   - જિતેન્દ્ર ઢેબરીયા

3. પર્યાવરણીય સંરક્ષણ આજની જરૂરિયાત કે આવતીકાલની મજબૂરી? ............... 9
   - ધારા વઘાડીયા

4. फीफा विश्वकप : खेल की दुनिया का महान उत्सव .................................... 11
   - विक्रमसिंह अमरावत

5. જુલાઈ-2026માં બનેલી મહત્ત્વની ઘટનાઓ .......................................... 13
   - નીતિનકુમાર ઢાઢોદરા

6. દીક્ષારંભ 2026 ................................................................ 15
   - ચાર્મી પંચાલ

7. પ્રવૃત્તિ દર્પણ................................................................. 17
   - અદ્વૈતા દવે
     - પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર
     - વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ
     - અન્ય પ્રવૃત્તિઓ



**તંત્રી**
ડૉ. હર્ષદ પટેલ

**પ્રકાશક**
ડૉ. હિમાંશુ પટેલ

**મુખ્ય સંપાદક**
ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**
ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

**ગ્રાફિક ડિઝાઇન**
યોગેશ પ્રજાપતિ

**ફોટોગ્રાફ્સ**
ધ્રુવ દવે

# સંપાદકીય લેખ

ડૉ. ધ્વનિલ પારેખ

જુલાઈ મહિનો શરૂ થયો અને ધીમેધીમે વરસાદનો વર્તારો પણ થવા લાગ્યો. જુલાઈના અંત સુધી તો ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં વરસાદે કેર વર્તાવ્યો. એ કેરને કારણે ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ઘણી ખાનાખરાબી સર્જાઈ. ગુજરાતમાં પડેલા વરસાદની વાત કરીએ છીએ ત્યારે આસામની સ્થિતિની પણ વાત કરવી પડે. આસામના કેટલાક વિસ્તારમાં દર વર્ષે પૂરને કારણે ખાનાખરાબી સર્જાતી હોય છે પણ હજી એ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો આપણને ઉકેલ મળતો નથી!

'સાબરમતી'ના આ અંકમાં પણ વૈવિધ્ય જોવા મળશે. જુલાઈ મહિનો આખા વિશ્વના રમતપ્રેમીઓ માટે રોમાંચનો મહિનો હતો. ફીફા વર્લ્ડકપને કારણે ઉજાગરા વેઠીને ફૂટબૉલ જોનારાઓની સંખ્યા પણ આપણી આસપાસ મોટી છે. ભારતમાં ક્રિકેટની રમત પ્રત્યે ઝનૂન છે પણ ફૂટબૉલ પ્રેમીઓની સંખ્યા પણ કઈ નાનીસૂની નથી. વિશ્વમાં પણ એવી જ સ્થિતિ જોવા મળે છે. એ ફીફા વર્લ્ડકપ વિશે એક લેખ આ અંકમાં છે. અષાઢી બીજનું મહત્ત્વ ભારતીયો માટે ઓછું નથી. જગન્નાથપુરીની રથયાત્રાના મહત્ત્વની સાથેસાથે હવે અમદાવાદની રથયાત્રાનું મહત્ત્વ પણ વધતું જાય છે. એ રથયાત્રાનો ઇતિહાસ પણ આ અંકમાં રજૂ થયો છે, જે રસપ્રદ છે. ઉર્જાની કટોકટી સામે હવે આપણે આંખો ખોલીશું કે કેમ? ઊર્જા સંરક્ષણ દિવસની આપણે ઉજવણી કરીએ છીએ પણ આ સંરક્ષણની વાત ઉજવણી પૂરતી જ સીમિત રહી જાય છે. એ વિષે પણ એક લેખ આ અંકમાં છે. વિશ્વ આખામાં અત્યારે અશાંત વાતાવરણ જોવા મળે છે તે સંજોગોમાં ગાંધી મૂલ્યો કેવી રીતે કારગત નીવડી શકે, એની ચર્ચા પણ એક લેખમાં કરવામાં આવી છે. આ અંકથી એક નવી પહેલ પણ કરવામાં આવી છે. દર મહિને બનતી મહત્ત્વની ઘટનાઓની ઝાંખી આપવામાં આવશે.

ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ પ્રવૃત્તિઓની આપણે સતત વાતો કરતા આવ્યા છે. જુલાઈની પહેલી તારીખથી નવા વિદ્યાર્થીઓનું આગમન થયું અને દીક્ષારંભ થયો. દીક્ષારંભ અંતર્ગત નવા વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠનો સમૂળગો પરિચય થાય એ હેતુથી દીક્ષારંભનું આયોજન થતું હોય છે. ઉપરાંત વિવિધ વિભાગોમાં થયેલાં આયોજનો, શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે કુશળ સ્કૉલરશીપનું વિતરણ પણ એક મહત્ત્વની પ્રવૃત્તિ બની રહી. માણભટ્ટની આખ્યાન પરંપરા વડોદરાના બંધુઓએ જીવંત રાખી છે, અને એ પરંપરાનો એક કાર્યક્રમ યોજાયો હતો. ટૂંકમાં, વિદ્યાપીઠમાં શૈક્ષણિક, વિસ્તરણ અને કલાની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે અને વરસાદ તથા પ્રવૃત્તિઓથી વિદ્યાપીઠનું સંકુલ લીલુંછમ બની રહે છે.

– ડૉ. રાજેન્દ્ર જોષી

# અમદાવાદની ૧૪૯ રથયાત્રા

## અમદાવાદની અનોખી ઓળખ

ભારતીય સંસ્કૃતિ તેના વિવિધ ઉત્સવોની ઉજવણી દ્વારા એક જીવંત સંસ્કૃતિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. સમાજમાં તેના વિવિધ સ્વરૂપો ઉત્સવો દ્વારા ઉજાગર થતા હોય છે વિશિષ્ટ તહેવારો, મેળાઓ, પર્વ તેનાં જીવંત ઉદાહરણો છે. ગુજરાતની અંદર અમદાવાદ પણ તેમાંથી બાકાત રહ્યું નથી. અમદાવાદમાં પણ આવા વિશિષ્ટ પર્વો અને તહેવારોની ઉજવણી અલગઅલગ સ્વરૂપે થાય છે. આમાંનો એક તહેવાર એટલે અષાઢ સુદ બીજના દિવસે ઉજવાતું રથયાત્રાનું પર્વ.

જેમ જગન્નાથપુરી તેની રથયાત્રાથી વિશ્વવિખ્યાત છે તેમ અમદાવાદ પણ તેની રથયાત્રાથી જાણીતું છે સમગ્ર ગુજરાત અને વિશ્વને પણ હવે અમદાવાદની રથયાત્રાનું ઘેલું લાગ્યું છે

અમદાવાદની રથયાત્રાની ઐતિહાસિકતા તપાસવી હોય તો તેના જમાલપુર વિસ્તારમાં આવેલ જગન્નાથ મંદિરના ઇતિહાસમાં ડોકિયું કરવું પડે. આશરે 460 વર્ષ પહેલાં અમદાવાદમાં સાબરમતી નદીના કિનારે શ્રી હનુમાનદાસજી નામના એક સંતે અહીંયા મુકામ કરીને તે જગ્યાએ મારુતિ( હનુમાનજી) ના મંદિરની સ્થાપના કરી હતી. આ મંદિરના ત્રીજા મહંત સારંગદાસજી મહારાજ જ્યારે જગન્નાથપુરીના દર્શન કરવા ગયેલ ત્યારે તેમને સપનામાં એવો આદેશ મળેલ કે તેમણે તેમની અમદાવાદમાં આવેલ જગ્યામાં પણ ભગવાનના આવા સ્વરૂપની સ્થાપના કરવી જોઈએ. આનાથી પ્રેરણા લઈ તેમણે અમદાવાદ આવી આ મંદિરમાં ભગવાન જગન્નાથ ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની લાકડાની બનાવેલી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી અને પૂજા અર્ચના ચાલુ કરી. પરંતુ રથયાત્રા કાઢવાનો વિચાર મંદિરના ચોથા મહંત શ્રી નરસિંહદાસજી મહારાજને આવ્યો. કહેવાય છે કે તેમના જગન્નાથપુરીના નિવાસ સમયે તેમણે નિરીક્ષણ કર્યું કે મંદિરની બધી પૂજા





વિધિ અહીંયા જે થાય છે તે અમદાવાદમાં પણ થાય છે. બાકી રહે છે તો તે છે પુરીમાં જે રથયાત્રા નીકળે છે તેવી રથયાત્રા અમદાવાદમાં નીકળતી નથી. પરિણામે તેઓએ અમદાવાદ આવી પોતાની આ મનોકામનાની સૌ ભક્તો સંતો અને મહંતો સાથે મળી વિચારણા કરી અને સૌના સાથ સહકારથી તેમણે ઈ. સ. 1878 વિક્રમ સંવત 1934માં અષાઢ સુદ બીજના દિવસે પ્રથમવાર અમદાવાદમાં રથયાત્રાની પરંપરા શરૂ કરી. શરૂઆતમાં આ રથયાત્રા ખૂબ જ મર્યાદિત સાધનો સાથે નીકળેલી અને લાકડામાંથી બનેલ સાદા રથોને બળદો દ્વારા ખેંચવામાં આવેલ અને સમગ્ર શહેરમાં ધામધૂમથી ફેરવવામાં આવેલ. ત્યારથી શરૂ થયેલ આ પરંપરા આજે પણ ચાલી રહી છે. વિપરીત સંજોગોમાં પણ રથયાત્રાની આ પરંપરા આજે પણ અટક્યા વિના ચાલી રહી છે.

રથયાત્રામાં ત્રણ રથો મહત્ત્વનું આકર્ષણ રહ્યા છે. પ્રથમ રથ ભગવાન જગન્નાથનો, બીજો રથ બહેન સુભદ્રાજીનો અને ત્રીજો રથ શ્રી બલરામજીનો. અમદાવાદની આ રથયાત્રાના ત્રણેય રથોનું નિર્માણ અને સંચાલન એટલે કે રથ ખેંચવાનું કાર્ય ભરૂચના ખલાસ કોમના લોકો કરે છે. આ કોમ આઝાદી પહેલાથી જ વહાણવટા અને ભવ્ય લાકડાના બાંધકામ સાથે જોડાયેલી છે. તેમની પેઢી દર પેઢી ચાલી આવતી આ વિશિષ્ટ કલા આજે પણ તેઓ સાચવી રહ્યા છે.અમદાવાદમાં આજે પણ ખલાસનો ખાંચો નામની પોળમાં ખલાસોના ઘરે આવેલા છે.

નિયત માર્ગ પ્રમાણે આશરે 20 કિલોમીટર જેટલું અંતર રથયાત્રાના પરિભ્રમણ માર્ગમાં થાય છે. અંદાજે આ સમગ્ર રથયાત્રા પૂરી થતાં 12 થી 16 કલાક જેટલો સમય થાય છે. શરૂઆતમાં લાકડાના પૈડાં હોય તૂટી

જતાં તેના સમારકામમાં વધારે સમય લાગતો. પરિણામે 1997માં રથના પૈડાં ઉપર સ્ટીલના પાટા ચઢાવવામાં આવ્યા તેમ છતાં એમ કહેવાય છે કે તેમાં લોખંડની ખીલીઓનો ઉપયોગ થતો નથી. રથોની કોતરણી કરતા સુથારો, ભગવાનનાં વસ્ત્રો સીવતાં દરજીઓ, મૂર્તિ તથા રથને કલરથી લાકડા ઉપર શણગારતા ચિત્રકારોએ વંશ પરંપરાગત પોતાનો આ વારસો જાળવી રાખ્યો છે. જે ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટ ઝલક છે.

**રથયાત્રા નિમિત્તે થતી વિશિષ્ટ અને સાંસ્કૃતિક વિધિઓ**

અમદાવાદની રથયાત્રા એ જગન્નાથપુરીની વૈદિક પરંપરાઓને પોતાની આગવી વિશિષ્ટતાથી જાળવી રાખી છે. રથયાત્રાની પૂર્વ તૈયારી રૂપે યોજાતી જલયાત્રાએ પણ લોકમાનસમાં એક વિશિષ્ટ છાપ પાડી છે. આ દિવસે સાબરમતી નદીના કિનારે જઈ ગંગા પૂજન કરી 108 કળશ દ્વારા જળ લાવી ભગવાનનો જલાભિષેક કરવામાં આવે છે. પછી ભગવાન બીમાર પડતા 15 દિવસ સુધી ઓસર (વિશ્રામ)માં જાય છે જેને નેત્રોત્સવ વિધિ તરીકે ઓળખવામાં આવે છે. ભગવાનના દર્શન બંધ કરાય છે અને ત્રણેય ભગવાનને તેમના મોસાળ એટલે કે સરસપુર સ્થિત રણછોડજીના મંદિરે લઈ જવાય છે અને ભક્તોને જણાવવામાં આવે છે કે ભગવાન મોસાળે ગયા છે. અષાઢ સુદ એકમના ચોથા પહરે ભગવાનને રણછોડજીના મંદિરમાંથી પરત લવાય છે તેમની આંખોના પાટા ખોલી નાખી, તેમને સ્નાન કરાવી, ભોગ ધરાવી, આરતી કરાવી પછી રથમાં પધરાવવામાં આવે છે અને પછી ભગવાન નગરયાત્રાએ નીકળે છે.

રથયાત્રાના પ્રારંભે જે વિધિ યોજાય છે તેને "પહિંદ" વિધિ તરીકે ઓળખવામાં આવે છે જે જગન્નાથપુરીના રાજા દ્વારા કરાતી "છેડા પહતરા"જેવી જ છે. જેમાં રાજ્યના વડા અત્યારે રાજ્યના મુખ્યમંત્રી સોનાની સાવરણીથી રથનો માર્ગ સાફ કરે છે પછી ખલાસી સાથે રથના દોરડા ખેંચી અને રથને નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવે છે. આ વિધિ પાછળની ભારતીય સંસ્કૃતિ ધરોહર તપાસતા એવું લાગ્યા વિના ન રહે કે રાજા એ પ્રજાનો સેવક છે તેમજ પરમતત્ત્વ આગળ તેનું મહત્ત્વ એક સામાન્ય માણસ જેટલું જ છે. જે આપણી સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવે છે.

**સામાજિક સમરસતાનું જીવંત ઉદાહરણ**

રથયાત્રા એ સામાજિક સમરસતાનું ઉત્તમ જીવંત ઉદાહરણ છે. રથયાત્રા જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના મકાન આગળ આવે છે ત્યારે સમગ્ર વહીવટી તંત્ર દ્વારા તેનું સ્વાગત કરવામાં આવે છે. રથયાત્રા તેના નિયત માર્ગે આગળ વધી દરિયાપુર, કાલુપુર, જમાલપુર વિસ્તારમાં પ્રવેશે છે ત્યારે ત્યાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ તથા સ્થાનિક નાગરિકો દ્વારા રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવેલ છે, જેમાં હિન્દુ મુસ્લિમ એકતાના દર્શન થાય છે.















રથયાત્રા જ્યારે ભગવાનના મોસાળ સરસપુર રણછોડરાયના મંદિરે પહોંચે છે ત્યારે ભક્તો ભગવાનનું સ્વાગત કરવા માટે ચાતક પક્ષીની જેમ રાહ જોઈ રહ્યા હોય છે. અહીં રથયાત્રાને વિરામ અપાય છે. રથયાત્રામાં જોડાયેલ લોકો અને ભક્તો માટે અહીંયા પ્રસાદની વ્યવસ્થા કરાય છે. ધર્મ, જાતિ કે આર્થિક સ્થિતિના કોઈપણ ભેદભાવ વિના લાખો ભક્તો માટે સરસપુરની દરેક પોળોમાં વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે. આ માટે સ્થાનિક લોકો લગભગ એક મહિનાથી તેની તૈયારીઓ શરૂ કરે છે અને આ દિવસે બધા જ લોકો માટે બુંદી, મોહનથાળ, શાક, પુરી જેવી પરંપરાગત ગુજરાતી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. જેનો લાભ લાખો લોકો લે છે. આ સમય દરમિયાન ભગવાનનું મોસાળું ભરાય છે તેમાં વસ્ત્રો અને સોનાનાં આભૂષણોથી તેમનું મોસાળું ભરવામાં આવે છે. આજે આ વિધિ માટે એટલે કે યજમાન બનવા માટે પણ વર્ષોની પ્રતીક્ષા યાદી બનેલી છે. મોસાળાની વિધિ અને પ્રસાદ લીધા પછી રથયાત્રા પોતાના નિયત માર્ગે પાછી ફરે છે અને નિજ મંદિરે સાંજે પરત આવે છે.

શરૂઆતમાં માત્ર થોડાક સાધુ સંતો અને ભજન મંડળીઓ અને સ્થાનિક શ્રદ્ધાળુઓ દ્વારા શરૂ થયેલી આ રથયાત્રામાં આજે તો શાહી શણગારતી સજ્જ કરાયેલા ગજરાજો રથયાત્રાની શોભા વધારે છે. ગુજરાતના વિવિધ ભાગોમાંથી અને દેશના અન્ય ભાગોમાંથી પણ આવતા 30થી વધુ અખાડાઓ અંગ કસરતના વિવિધ ખેલો કરી લોકોનું મનોરંજન કરે છે. 100થી વધુ ટ્રકોમાં વિવિધ સાંસ્કૃતિક અને સામાજિક જાગૃતિના સંદેશાઓ અને દેશે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓના વિવિધ વિષયો આધારિત રથોને શણગારી, સુશોભિત કરી રથયાત્રાની શોભા વધારે છે. સાથેસાથે પરંપરાગત ઢોલ, મંજીરા, ખંજરી જેવાં સાધનો સાથે તાલ મિલાવીને ગવાતાં ભજનો અને રાસ મંડળીઓ આ યાત્રાને વધારે આકર્ષક બનાવે છે. સાથેસાથે રથયાત્રામાંથી મળતો ફણગાવેલા મગ, જાંબુ અને કાકડીનો પ્રસાદ જાણે કે મહાપ્રસાદ મળ્યો હોય તેવા હરખથી લોકો તેને લેવા માટે પડાપડી કરતા હોય છે. સાથેસાથે કેસરી કલરનો પટ્ટો કે જેને "ઉપરણું" કહેવામાં આવે છે તેને પ્રસાદી સ્વરૂપે લોકોને આપવામાં આવે છે. આમ સવારે મંગળા આરતી પછી નીકળેલી ભગવાન જગન્નાથજીની આ રથયાત્રા મોડી સાંજે પોતાના નિજ મંદિરમાં પાછી ફરે છે.

અમદાવાદની આ રથયાત્રા એ આપણા સાંસ્કૃતિક વારસાનું એક ઉત્તમ જીવંત ઉદાહરણ છે. સમાજના વિવિધ વર્ગો, સંપ્રદાયો, ધર્મ કે નાતજાતના કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સમગ્ર પ્રજાને જોડતો એક અનોખો ઉત્સવ છે. જે ભારતીય સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરે છે. ખરેખર અમદાવાદની આ રથયાત્રા જોવી, જાણવી અને માણવી એ એક વિશિષ્ટ લ્હાવો છે. સૌને જય જગન્નાથ, જય રણછોડ.

# વૈશ્વિક કટોકટી અને સત્યાગ્રહ:

## પશ્ચિમ એશિયાના સંઘર્ષનો ગાંધીવાદી જવાબ

– જિતેન્દ્ર ઢેબરીયા

દરરોજ સવારે આપણે વૈશ્વિક અર્થતંત્ર-રાજતંત્રની સ્થિરતા - અસ્થિરતાના સમાચારથી ટેવાઈ ગયા છીએ. આપણા માટે આવા આંતરરાષ્ટ્રીય સમાચાર ઘણીવાર સુદૂરની, જેની ચિંતા નથી કરવાની તેવા—દૂરના દેશોની અસ્પષ્ટ અને નાટકીય હેડલાઇન્સ જેવાં હોય છે. પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચેના તાજેતરના સૈન્ય સંઘર્ષને કારણે આપણી આ માનસિકતાને મોટો ફટકો પડ્યો છે. તેહરાન પર થયેલા હવાઈ હુમલાઓથી લઈને 'શાંતિ સંધિ' (peace deal) ની નાજુક રાજદ્વારી પ્રક્રિયાઓ સુધી, આ કટોકટીએ સાબિત કર્યું છે કે પશ્ચિમ એશિયાના ભૌગોલિક - રાજકીય વ્યૂહાત્મક વિસ્તારોમાં જે કંઈ પણ થાય છે, તેની સીધી અસર આપણા રોજિંદા જીવન પર પડે છે. માનવ ઇતિહાસમાં નોંધનીય કહી શકાય તે રીતે પરસ્પર જોડાયેલી દુનિયામાં જીવતા આપણા સૌ માટે, માત્ર મૂક પ્રેક્ષક બનીને બેસી રહેવાનું ચાલે તેમ નથી. આ સંઘર્ષ માત્ર રાજકારણી કે સેનાપતિઓ માટે ઉકેલવાનો કોઈ સૈન્ય કોયડો નથી; આ એક ગંભીર માનવીય અને આર્થિક કટોકટી છે જે આપણું ધ્યાન, આપણી વૈચારિક જાગૃતિ અને આપણા સામૂહિક પગલાંની માંગ કરે છે. આ સંઘર્ષને સમજવા માટે થોડા મુદ્દાઓની સ્પષ્ટતા જરૂરી છે.



### કાગળ પરની શાંતિનો ભ્રમ- illusion of paper peace

થોડા સમય પહેલા અમેરિકા-ઈરાન વચ્ચે થયેલી 'શાંતિ સંધિ'થી, થોડા સમય માટે વિશ્વના દેશોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સમજૂતીએ થોડા સમય માટે સંઘર્ષને રોક્યો, દરિયાઈ નાકાબંધી હટાવી અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ માટે વાટાઘાટોની આશા જન્માવી. પરંતુ તાજેતરના દરિયાઈ તણાવ અને ફરીથી ભડકેલા સંઘર્ષો દર્શાવે છે કે આવી ઉપરછલ્લી સમજૂતીઓ અત્યંત નાજુક હોય છે. નેતાઓ દ્વારા કાગળ પર કરાયેલી શાંતિ એક નાનકડા ડ્રોન હુમલા કે દરિયાઈ સરહદની એક ભૂલથી રાતોરાત હવામાં ઓગળી શકે છે.

સાચી શાંતિ એટલે માત્ર બોમ્બમારો થોડા સમય માટે બંધ રહેવો એટલું જ નથી. સાચી શાંતિ માટે એવા વૈશ્વિક તંત્રોને મૂળમાંથી બદલવાની જરૂર છે જે ડર, હથિયારો અને યુદ્ધના વેપાર પર નભે છે. જ્યારે વૈશ્વિક સ્થિરતા માત્ર આર્થિક નાકાબંધી અને ઉર્જાના સ્ત્રોતો પરના કબજા પર આધારિત હોય, ત્યારે ખરી સુરક્ષા માત્ર એક ભ્રમ છે. વર્તમાન અસ્થિરતા આપણને યાદ અપાવે છે કે શાંતિ માત્ર મહાસત્તાઓ વચ્ચેની વાટાઘાટોથી નથી આવતી; તેને જાગૃત નાગરિકો દ્વારા પાયામાંથી બનાવવી પડે છે. આ એક લાંબાગાળાની અને વૈશ્વિક નાગરિક સહયોગની માંગ કરતી પ્રક્રિયા છે. શાંતિનું - સહકારનું શિક્ષણ જ આ પરિસ્થિતિમાંથી બહાર લાવી શકે છે. ચોક્કસપણે આ સ્થિતિમાં મહાત્મા ગાંધીના શાંતિ અને સહકારના વિચાર-આચાર વધારે મૂલ્યવાન થાય તેવા છે.

### હોર્મુઝની સામુદ્રધુની / ખાડી અને સામાન્ય જીવન

હજારો કિલોમીટર દુર આવેલ હોર્મુઝની ખાડીનો નાનો પ્રદેશ આપણા જીવનમાં કેટલો મહત્ત્વનો છે તેની સમજ હવે સામાન્ય લોકોને પણ થવા લાગી છે. હોર્મુઝની ખાડી જાણે કાયમની વાતચીતનો શબ્દ બની ગયો હોય તેવું લાગે છે. હવે આપણને સમજાય છે કે વૈશ્વિક અર્થતંત્રની કડીઓ એવી રીતે જોડાયેલી છે કે પર્શિયાની ખાડી- હોર્મુઝનો એક તણખો સીધો આપણા ઘરના દરવાજા સુધી પહોંચે છે.

- **મોંઘવારીનો માર:** ભારત પોતાની જરૂરિયાતનું 80% કરતા વધુ ક્રૂડ ઓઈલ (કાચું તેલ) આયાત કરે છે, જેનો મોટો હિસ્સો 'હોર્મુઝની સામુદ્રધુની' (Strait of Hormuz)' થઈને પસાર થાય છે. જ્યારે આ દરિયાઈ માર્ગમાં તણાવ વધે છે, ત્યારે વૈશ્વિક બજારમાં તેલના ભાવ આસમાને પહોંચે છે. સામાન્ય ભારતીય પરિવાર માટે આનો અર્થ સીધી મોંઘવારી છે. વાહનવ્યવહાર મોંઘો થવાને કારણે શાકભાજી અને અનાજના ભાવ વધે છે અને ઘરનું કે વિદ્યાર્થીઓના હોસ્ટેલનું બજેટ ખોરવાઈ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે આપણા દેશમાં ગેસના બાટલાના ભાવ અચાનક વધવાથી કેટલું મોટું સંકટ થોડા દિવસ માટે ઊભું થયેલ. સુરતમાં કામ કરવા આવેલ સ્થળાંતરિત મજૂરોએ ગેસના બાટલાની ઉપલબ્ધતાના અભાવે પોતાના વતન પાછુ જવું પડેલું અને તેની ગંભીર અસર સુરતના ઔદ્યોગિક વાતાવરણ પર પડેલી.

- **વેપારી માર્ગો પર બ્રેક:** ભારતે ઈરાનના ચાબહાર પોર્ટ (Chabahar Port) માં મોટું રોકાણ કર્યું છે, જે મધ્ય એશિયા સુધી પહોંચવાનો આપણો મહત્ત્વનો માર્ગ છે. આ ભૌગોલિક રાજકીય સંઘર્ષના કારણે આ પ્રોજેક્ટ્સ અને વેપારી માર્ગ અટકી પડ્યો છે. આપણે આશા રાખીએ આ સંઘર્ષ ઝડપથી બંધ થાય અને ભારતના રાજકીય-આર્થિક હિત માટે મહત્ત્વના પ્રોજેક્ટ્સનું કામ ઝડપથી શરૂ થાય.
- **માનવીય અને આર્થિક સંકટ:** લાખો ભારતીયો ખાડી દેશોમાં (Gulf Countries) રહે છે અને કામ કરે છે. તેઓ જે કમાણી ભારત મોકલે છે તેના પર ગુજરાત, કેરળ અને પંજાબ જેવા રાજ્યોના અસંખ્ય પરિવારોનું ગુજરાન ચાલે છે. ત્યાં યુદ્ધ થવાથી તેમની સુરક્ષા, આજીવિકા અને ભારતમાં રહેતા તેમના પરિવારોની આર્થિક સ્થિરતા જોખમમાં મૂકાય છે.

## ગાંધીવાદી વિચારોની પ્રસ્તુતતા

આવાં મોટાં વૈશ્વિક સમીકરણો સામે એક સામાન્ય નાગરિક સ્વાભાવિક રીતે જ લાચારી અનુભવે છે. એક વિદ્યાર્થી પોતાના ક્લાસરૂમ કે પુસ્તકાલયમાં બેસીને શું કરી શકે? આનો જવાબ મહાત્મા ગાંધીના ત્રણ પાયાના વિચારોમાં છુપાયેલો છે: સત્યાગ્રહ, અહિંસા અને સ્વદેશી. આ કોઈ પુસ્તકોમાં રાખવાના જૂના વિચારો નથી; આ આધુનિક યુગના હિંસક અને કેન્દ્રીયકૃત તંત્રો સામે લડવાના પ્રાયોગિક અને સૌ જેનો ઉપયોગ કરી શકે તેવા સહિયારાં સાધનો છે. જો આપણે આ સાધનો - આચરણનો ઉપયોગ કરીશું તો આ સંકટ અને તેની અસરોને ઘણા અંશે ઓછી કરી શકીશું.

## ડિજિટલ યુગમાં સત્યાગ્રહ

આપણે સૌ જાણીએ છીએ કે આજનું યુદ્ધ જેટલું રણમેદાનમાં લડાઈ છે, એટલું જ તે સ્માર્ટફોનની સ્ક્રીન પર પણ લડાઇ છે. ડીપફેક્સ (નકલી વિડીયો), સોશિયલ મીડિયાના એલ્ગોરિધમ્સ અને ખોટો પ્રચાર (Propaganda) લોકોના મગજમાં યુદ્ધ માટે સ્વીકૃતિ ઊભી કરવા માટે વપરાય છે. આજના 'સત્યાગ્રહી' તરીકે આપણી પહેલી ફરજ સત્ય પ્રત્યેની છે. કોઈપણ ઉત્તેજક હેડલાઇન, અસ્પષ્ટ વિડીયો કે નફરત ફેલાવતી ટ્વીટ-વિડીયો શેર કરતા પહેલાં આપણે તેની સત્યતા તપાસવી જોઈએ. આવી અફવાઓ ફેલાવતા રોકવી એ પણ યુદ્ધના આજના ડિજિટલ તંત્ર સામે એક પ્રકારનું 'અસહકારનું આંદોલન' જ છે. ગૂજરાત વિદ્યાપીઠ અને તેના વિદ્યાર્થીઓ આ આંદોલનને નેતૃત્વ પૂરું પડવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે આ સંસ્થાની સ્થાપના એવા જ પ્રકારના અંદોલનમાંથી થઇ હતી.

## આર્થિક મજબૂતી માટે આધુનિક સ્વદેશી

વૈશ્વિક સંઘર્ષો હંમેશાં વૈશ્વિક બજારો અને સંસાધનો પરના કબજા માટે થતા હોય છે. જ્યારે આપણે આપણી મૂળભૂત જરૂરિયાતો માટે પણ પશ્ચિમી કે વૈશ્વિક બજારો પર નિર્ભર થઈ જઈએ છીએ, ત્યારે ત્યાંની નાની હલચલ પણ આપણને ગંભીર રીતે અસર કરે છે.

## ગાંધીજીનો 'સ્વદેશી'નો વિચાર—એટલે કે સ્થાનિક સ્તરે આત્મનિર્ભરતા

જ્યારે આપણે સ્થાનિક કારીગરોને ટેકો આપીએ છીએ, ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ વસ્તુઓ પસંદ કરીએ છીએ અને સંસાધનોનો બગાડ અટકાવીએ છીએ, ત્યારે આપણે પરોક્ષ રીતે એ વ્યવસ્થામાંથી બહાર નીકળીએ છીએ જે યુદ્ધોને પોષે છે. સ્થાનિક આત્મનિર્ભરતા તરફનું દરેક પગલું વૈશ્વિક અસ્થિરતા સામેનું રક્ષણ છે. ભારત સરકાર પણ 'સ્વદેશી અભિયાન' સંદર્ભે કામ કરી રહી છે ત્યારે નાગરિક તરીકે આપણે સૌ તેમાં ભાગીદાર થઈએ તે ઇચ્છનીય અને સમયની માંગ છે.

## માનવીય અહિંસા અને સહયોગ

યુદ્ધ હંમેશાં સામેવાળા પક્ષને માણસ તરીકે અથવા તેમની વાત પણ મહાત્ત્વની છે તે જોવાનું બંધ કરવાથી શરૂ થાય છે. તે આપણને એવું સ્વીકારવા મજબૂર કરે છે કે બીજા દેશના નાગરિકો માત્ર કોઈ આંકડા કે ભૌગોલિક મોહરા છે. આપણી 'અહિંસા' પ્રત્યેની પ્રતિબદ્ધતા આપણને આ નકારાત્મક મીડિયા નેરેટિવ્સથી દૂર રહેવાનું શીખવે છે. આપણે યાદ રાખવું પડશે કે અમદાવાદ હોય, દિલ્હી હોય, તેહરાન હોય કે વોશિંગ્ટન—ત્યાંના સામાન્ય વિદ્યાર્થીઓ અને નાગરિકો પણ આપણા જેવી જ શાંતિ, સુરક્ષા, શિક્ષણ અને સન્માનજનક ભવિષ્ય ઇચ્છે છે. ગાંધીજીની વૈશ્વિક શાંતિની અપીલ અથવા ભારતીય પરંપરાની 'વસુધૈવ કુટુમ્બકમ'ની લાગણી પણ આ સ્થિતિ માટેના પ્રયાસોને અનુમોદન આપે છે.

## શાંતિના રોજિંદા પ્રયાસો : ચાલો, સૌ સાથે મળીને કામ કરીએ

વૈશ્વિક પરિવર્તન ફક્ત કોઈ આંતરરાષ્ટ્રીય મંચ પરથી નથી આવતું, તે માટે આપણી રોજિંદી નાગરિક આદતોથી શરૂઆત કરવી પડે છે. જો આપણે આપણી આદતો બદલીશું, તો યુદ્ધ અને નફરતના તંત્ર આપોઆપ નબળાં પડશે.

### ૧. "૩-સેકન્ડ" મીડિયા સાક્ષરતાનો નિયમ



સોશિયલ મીડિયા એલ્ગોરિધમ્સ તમને જુસ્સો અથવા ગુસ્સો કરવા માટે જ બનાવવામાં આવ્યા છે જેથી તમે સ્ક્રીન પર વધારે સમય વિતાવો. આ ગુસ્સો સમાજમાં હિંસાની માનસિકતા વધારે છે. જો આપણે ફોનમાં આવતા સમાચાર, વિડીઓ અથવા જાહેરાતનું વિશ્લેષણ કરીએ તો તે મોટાભાગે ઉપરોક્ત પ્રમાણેની ભાવનાઓને પોષિત કરતાં હોય તેવું ધ્યાન પર આવે છે. આ સ્થિતિમાં શું કરી શકાય.

- **શું કરવું:** કોઈ પણ યુદ્ધ કે તણાવના સમાચાર, વિડીયો કે ભાવુક મેસેજ ફોરવર્ડ કે શેર કરતા પહેલાં ૩ સેકન્ડ માટે અટકો. અને પોતાને પૂછો: આ મેસેજ જોઈને હું ગુસ્સે થાઉં તેનાથી કોને ફાયદો થઈ રહ્યો છે?
- **અમલ:** જો માહિતી કોઈ વિશ્વસનીય પત્રકાર કે સત્તાવાર ન્યૂઝ એજન્સી દ્વારા પુષ્ટિ થયેલી ન હોય, તો તેને આગળ ન મોકલો. ખોટી માહિતીને અટકાવવી એ શાંતિ માટેનું મોટું પગલું છે.

### ૨. વ્યક્તિગત "ઊર્જા ઓડિટ" (Energy Audit)

પશ્ચિમ એશિયાનો મોટાભાગનો સંઘર્ષ તેલ અને કુદરતી ગેસ (Fossil Fuels) પરના વર્ચસ્વ માટે છે. જ્યારે આપણે આપણા દૈનિક જીવનમાં ઇંધણ અને વીજળીનો વપરાશ ઘટાડીએ છીએ, ત્યારે આપણે પરોક્ષ રીતે તેલ આધારિત યુદ્ધ સંસ્કૃતિ પરનું આપણું નિર્ભરપણું ઓછું કરીએ છીએ.

- **શું કરવું:** નજીકના અંતરની મુસાફરી માટે વાહન વાપરવાને બદલે ચાલીને કે સાયકલ પર જાવ. જ્યાં થઇ શકે તેમ હોય ત્યારે બસ કે ટ્રેન જેવા જાહેર પરિવહનનો ઉપયોગ વધારો. બિનજરૂરી લાઈટ-પંખા બંધ રાખો.
- **અમલ:** આપણી આસપાસ ઉર્જા - વીજળીના વપરાશ માટે ઝુંબેશ ચલાવો. જ્યારે કરોડો નાગરિકો ઉર્જા-વીજળીનો વપરાશ ઘટાડશે, ત્યારે દેશો વચ્ચે સંસાધનો માટે યુદ્ધ કરવાનાં કારણો પણ ઘટશે. શરૂઆત પોતાનાથી જ કરવી પડશે.

### ૩. સોશિયલ મીડિયા પર 'ટ્રોલિંગ' ને બદલે 'સંવાદ'

યુદ્ધ ત્યારે થાય છે જ્યારે લોકો વાત કરવાનું બંધ કરીને હથિયાર ઉઠાવે છે. આપણે પણ ઇન્ટરનેટ પર જ્યારે આપણી સાથે અસંમત વ્યક્તિને અપશબ્દો કહીએ છીએ કે ટ્રોલ કરીએ છીએ, ત્યારે આપણે એ જ હિંસક માનસિકતા દર્શાવીએ છીએ.

- **શું કરવું:** જ્યારે કોઈ વ્યક્તિ સોશિયલ મીડિયા પર કે ક્લાસરૂમમાં તમારાથી તદ્દન વિપરીત વિચાર રજૂ કરે, ત્યારે તેના પર ગુસ્સે થવા કે તેને ડિજિટલ રીતે 'કેન્સલ' કરવાને બદલે શાંત રહો. શાંતિ થી સમજવાનો પ્રયાસ કરીએ.
- **અમલ:** એક સાદો પ્રશ્ન પૂછો: "તમે કયા અનુભવોના આધારે આ રીતે વિચારો છો?" આ સંવાદમાં અહિંસા છે. જીતવાને બદલે એકબીજાને સમજવાનો પ્રયત્ન કરવો એ જ શાંતિની શરૂઆત છે. સંવાદનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરીએ.

### ૪. સ્થાનિક ખરીદીનો આગ્રહ (Strategic Localism)

તમારો દરેક રૂપિયો એ એક મત છે જે નક્કી કરે છે કે તમે કેવા વિશ્વનું નિર્માણ કરવા માંગો છો. મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી બધું જ ખરીદવાથી આપણો રૂપિયો એ જ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં જાય છે જે સંઘર્ષોથી પ્રભાવિત છે.

- **શું કરવું:** જે વસ્તુ આપણી આસપાસ મળી શકે તેમ હોય તેને કોઈ ઓનલાઈન કોર્પોરેટ એપ પરથી મંગાવવાને બદલે તમારી ગલી કે નાકા પર બેસતા નાના સ્થાનિક ફેરિયાઓ પાસેથી ખરીદો. સ્થાનિક સ્તરે બનેલા કપડાં અને વસ્તુઓનો આગ્રહ રાખો. જાહેરાત દ્વારા ઊભી કરવામાં આવતી 'બ્રાંડ'ની જાળમાંથી બચીએ.
- **અમલ:** આ આજની 'સ્વદેશી' છે. જ્યારે તમારો રૂપિયો તમારા જ સ્થાનિક અર્થતંત્રમાં ફરશે, ત્યારે આપણો સમાજ વૈશ્વિક બજારના આંચકાઓ અને ઇંધણના વધતા ભાવો સામે વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બનશે. શાંતિથી વિચારીએ અને બની શકે તેટલો અમલ કરીએ.

### ઉપસંહાર; પરિવર્તનની વિકેન્દ્રિત શક્યતાઓ

જ્યારે મહાત્મા ગાંધીએ આઝાદીની લડતમાં 'રેંટિયો' (Charkha) રજૂ કર્યો, ત્યારે આલોચકો અને ઘણીવાર તેમના સાથીઓ પણ હસ્યા હતા. તેમને આશ્ચર્ય થતું હતું કે એક નાનકડું લાકડાનું સાધન બ્રિટિશ સામ્રાજ્યની અદ્યતન ફેક્ટરીઓ અને સૈન્ય શક્તિનો સામનો કેવી રીતે કરશે? પરંતુ રેંટિયો માત્ર સૂતર કાંતવાનું સાધન નહોતો; તે વિકેન્દ્રિત શક્તિ, આત્મનિર્ભરતા અને અહિંસક પ્રતિકારનું પ્રતીક હતો.

આજનું વૈશ્વિક યુદ્ધનું તંત્ર પણ એટલું જ વિશાળ અને ડરામણું લાગે છે. પરંતુ ઇતિહાસ આપણને યાદ અપાવે છે કે જ્યારે સામાન્ય નાગરિકો પોતાની રોજિંદી પસંદગીઓને સત્ય, કરુણા અને સભાન પગલાં સાથે જોડે છે, ત્યારે તેઓ વૈશ્વિક ઘટનાઓનો પ્રવાહ બદલવાની શક્તિ ધરાવે છે. શાંતિ એ કોઈ દૂરના દેશમાં નેતાઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલી સંધિ નથી—શાંતિ એ આપણી રોજિંદી આદત છે. ચાલો, આપણા દરેક નાના અને સભાન પગલાથી શાંતિના આ તાણાવાણાને વણીએ.

# પર્યાવરણીય સંરક્ષણ
## આજની જરૂરિયાત કે આવતીકાલની મજબૂરી?

– ધારા વઘાડીયા

જુલાઈ માસમાં પણ વરસાદ નથી શું માત્ર આ વર્ષે? 2025ના વર્ષને તપાસીએ તો અસહ્ય ગરમી, અનિશ્ચિત વરસાદ, વરસાદી દિવસોમાં ઘટાડો અને વરસાદની તીવ્રતામાં વધારો, પરિણામ કૃષિ ઉત્પાદકતા પર ઊંચી અસર, કૃષિ ઉત્પાદનમાં ઘટાડો, તો બીજી તરફ વિશ્વના સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ભારતના શહેરોની સંખ્યામાં વધારો શું આ બધી જ સમસ્યાઓ કુદરત સર્જિત છે? શું આની અસરથી આપણે અલિપ્ત રહી શકીશું? શું આ સ્થિતિમાં આપણી આવક વધતી રહેશે અને આપણે સુખમય જીવન જીવી શકીશું?

સુખમય જીવન એટલે સરસ મકાન, ચાર પૈડાં વાળી ગાડી, ઘરને વાતાનુકૂલિત રાખે તેવાં સાધનો આ પરિસ્થિતિમાં ચાલુ રહી શકે? જવાબ છે નહીં. કેમકે તમામ ઉત્પાદન જે આપણા જીવનને ભૌતિક સુવિધાઓ આપે છે તેનો આધાર કુદરતી સંસાધનો છે, આમ સમગ્ર અર્થતંત્રનો આધાર પર્યાવરણ છે. પરંતુ આપણી વિકાસની દ્રષ્ટિમાં પર્યાવરણ ક્યાં છે? આપણે ભારતીય અર્થતંત્રને ટ્રિલિયન ઇકોનોમી બનાવવા તરફ ગતિ કરી રહ્યા છે અને તે દિશામાં આપણે મક્કમ ડગલાંથી આગળ વધી રહ્યા છીએ, ઉત્પાદન સતત વધી રહ્યું છે. આવક સતત વધી રહી છે, પરંતુ કોની? આ પ્રશ્ન માત્ર આર્થિક કે પર્યાવરણીય જ નથી પણ સામાજિક ન્યાયનો પણ છે.

આપણે જીડીપી વધારવા માટે પ્રયત્નશીલ છીએ ત્યારે ઉત્પાદન સંસાધનોના ઉપયોગ વગર શક્ય નથી માટે ઉત્પાદન વૃદ્ધિ સાથે સંસાધનોનો ઉપયોગ ઉત્તરોત્તર વધી રહ્યો છે. તે બે પ્રકારની અસરો સર્જે છે. એક સંસાધનમાં ઘટાડો અને બીજી પ્રદૂષણમાં વધારો અને આ બંને અસરો આવનારી પેઢીઓ માટે નુકસાનકારક છે.



પર્યાવરણે આપણને અત્યાર સુધી જે આપ્યું શુદ્ધ જળ, જમીન, જંગલ, હવા, સમુદ્ર, જૈવવૈવિધ્ય આ બધું સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અનિવાર્ય અને અમર્યાદિત જથ્થામાં ઉપલબ્ધ હતું. પરંતુ આજે આપણી ઉત્પાદન અને વપરાશની પ્રક્રિયાઓથી તે અમર્યાદિત રહ્યું નથી, પરિણામે વર્તમાન પેઢી પર્યાવરણના વિકટ પડકારોનો સામનો કરી રહી છે ત્યારે આપણે જે સુવિધાઓ વર્તમાન સમયમાં ભોગવી રહ્યા છીએ તે આવનારી પેઢીઓ ભોગવી શકશે કે કેમ તે ગંભીર સમસ્યા છે.

આ બાબતને સમજવા માટે આર્થિક ક્ષેત્રમાં પર્યાવરણની ભૂમિકાને સમજવી પડે પર્યાવરણ અર્થતંત્રને ચાર પ્રકારની સેવાઓ પૂરી પાડે છે. એક ઉત્પાદન માટે સ્ત્રોત અર્થતંત્રમાં થતું કોઈપણ ઉત્પાદન કુદરતી સંસાધન અને ઉર્જા વગર શક્ય નથી. તમામ પ્રકારની ધાતુઓ, અશ્મિજન્ય બળતણ વગેરે આ પ્રકાર કહી શકાય. બે ઉત્પાદન અને વપરાશ માટે ખાળકુંડીની સેવા, અર્થતંત્રમાં થતાં ઉત્પાદન અને વપરાશના અંતે ઘન, પ્રવાહી કે વાયુ સ્વરૂપે કચરાનું સર્જન થાય છે તે હવામાં, જળસ્ત્રોતમાં કે જમીન પર તેને ફેંકવામાં આવે છે ત્યારે પર્યાવરણ કચરાની ખાળકુંડી તરીકેની સેવા પૂરી પાડે છે. ત્રણ પર્યાવરણીય સેવાઓ, વિકાસની પ્રક્રિયાના શરૂઆતના તબક્કામાં સ્ત્રોત અને ખાળકુંડી તરીકેની પર્યાવરણીય સેવાની ઊંચી જરૂરિયાત રહે છે. પરંતુ વિકાસના કેટલાક સ્તર પછી પર્યાવરણીય સેવાની માંગમાં વૃદ્ધિ થાય છે, કેમકે ઉત્પાદન અને વપરાશના પરિણામે શુદ્ધ હવા, શુદ્ધ પાણી વગેરેની અછત સર્જાય છે. તેના કારણે વ્યક્તિ પર્વતીય વિસ્તારો, દરિયા કિનારાના વિસ્તારો, જંગલ જેવા શુદ્ધ વિસ્તારોમાં પ્રવાસન કરવા ઇચ્છે છે. જે પર્યાવરણીય સેવાની માંગમાં વૃદ્ધિ કરે છે, અને ચાર સૌથી મહત્ત્વની પર્યાવરણની જીવન રક્ષક સેવાઓ, ઓઝોન સ્તર એ જીવન રક્ષક સેવાનું ઉદાહરણ છે. પર્યાવરણ દ્વારા પૃથ્વી પર જીવનું અસ્તિત્વ ટકાવતી સેવાઓ એટલે જીવન રક્ષક સેવાઓ. આમ, પર્યાવરણ આપણા અસ્તિત્વ અને વિકાસની અનિવાર્ય શરત છે, પરંતુ આપણે તેને સતત અવગણતા રહીએ છીએ કેમ કે અત્યાર સુધી તે મફતમાં ઉપલબ્ધ હતું. પરંતુ આપણા બેફામ ઉપયોગના પરિણામે આજે તે અછત ધરાવતી વસ્તુ બની ગયું છે.



પર્યાવરણનું કુદરતી સમતુલન ખોરવાય ચૂક્યું છે. આપણે વિકાસના નામે કુદરતી પ્રક્રિયાઓમાં વિક્ષેપ ઊભો કર્યો છે. જેમ કે, કાર્બન, આપણે કાર્બન ઉત્સર્જન વધાર્યું પરંતુ કાર્બનના શોષક સમતુલા જાળવતા વૃક્ષોનું નિકંદન પણ કાઢ્યું. પરિણામે તાપમાનના પ્રશ્નો સર્જાયા. પૃથ્વી કચરાને આત્મસાત્ કરી શકે છે પરંતુ આપણે કચરાના સ્તરને પ્રદૂષણમાં ફેરવી દે તે હદે કચરાનું સર્જન કર્યું. કુદરત સર્જિત જૈવવૈવિધ્યમાં નફાના ઉદ્દેશથી અનેક સ્તરે હસ્તક્ષેપ કરી જૈવવૈવિધ્યમાં ઘટાડો કર્યો. આ બધું માનવ જાતના વિકાસની કિંમત છે અને તેનું મુખ્ય કારણ આપણા ઉત્પાદન અને વપરાશની તરાહ છે.



આપણે વિકાસ ઇચ્છીએ છીએ અને વિકાસ એ કુદરતી મર્યાદાઓને દૂર કરવાની પ્રક્રિયા છે. દા.ત વિસ્તારને જોડવા વિવિધ આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવી, મોટા હવાઈઅડ્ડા, હાઇવે, રેલવે માર્ગ તૈયાર કરવા. કૃષિ ઉત્પાદનને સુનિશ્ચિત કરવા વિશાળ ડેમ તૈયાર કરવા. વિશાળ પાયા પર ઉત્પાદનની પ્રક્રિયાઓ હાથ ધરવા વિશાળકાય ઉત્પાદનનાં એકમો શરૂ કરવાં. જેથી ઝડપી અને નીચા ખર્ચે ઉત્પાદન કરી શકાય. પરંતુ વિશાળ કદ પર્યાવરણ માટે હાનિકારક છે.

બીજી તરફ વપરાશના ધોરણ બદલાયાં, તીવ્ર ઉત્પાદને વપરાશની તરેહ બદલી. અત્યાર સુધી આપણા જીવન વ્યવહારમાં કેટલીય વસ્તુઓ રીપેરીંગ અને પુનઃવપરાશનું પ્રમાણ જોવા મળતું હતું તે ક્ષેત્રોમાં પણ આજે વાપરીને ફેંકી દોનો વ્યવહારુ અમલ શરૂ થયો છે. આપણા વપરાશને ક્યાં અટકાવવું? તે પ્રશ્ન હવે વિચાર બહાર થઇ ગયો છે પરિણામે આપણા ઉપભોગવાદે પર્યાવરણની સમસ્યાને વ્યાપક બનાવી છે. ઉપરાંત ઈ કોમર્સના વિકાસના પરિણામે કાર્બન ફૂટપ્રિન્ટમાં ધરખમ વધારો થયો. સ્થાનિક વ્યાપારી પાસેથી ખરીદવાના બદલે ઓનલાઇન બજારથી ખરીદાતી વસ્તુઓમાં ટ્રાન્સપોર્ટેશનના કારણે વધતું કાર્બન ઉત્સર્જન ઈ કોમર્સમા ઉત્પાદનની કિંમતમાં અભિવ્યક્ત થતું નથી. સ્થાનિક બજાર કરતા થોડી કિંમતના તફાવતના પરિણામે સર્જાતું ઊંચું કાર્બન ઉત્સર્જન ગણતરીમાં આવતું જ નથી. પેકિંગ માટે પ્લાસ્ટીકનો વપરાશ પ્રદૂષણના પ્રશ્નને વધુ તીવ્ર બનાવે છે. જે વર્તમાન સમયમાં દરિયાઇ પ્રદૂષણનું સૌથી વધુ જવાબદાર પરિબળ છે.

આ સમસ્યાઓ વૈશ્વિકીકરણ બાદ વધુ વ્યાપક બની છે ત્યારે આપણે આપણી ભાવિ પેઢી અને જીવ માત્રના અસ્તિત્વને ટકાવવા માટે ગાંધીમાર્ગે પાછા ફરવું પડે. ગાંધીના જીવનદર્શનના આર્થિક પાસામાં તે જરૂરિયાતોને મર્યાદિત કરવાની વાત કરે છે જે વર્તમાન વપરાશની તરાહને ટકાઉ બનાવવા માટે અનિવાર્ય છે, સ્થાનિક રોજગાર માટે સ્વદેશી અને સ્વાવલંબનનો ખ્યાલ આપે છે જે કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવા અને રોજગાર સર્જન માટે ઉપયોગી છે. પ્રશ્ન એમ પણ થાય કે અત્યારે કઈ રીતે ? આપણા  વપરાશને કેન્દ્રમાં રાખીને આ ખ્યાલ અમલમાં મુકવાના છે. જેમકે આપણા દૈનિક વ્યવહારમાં આ કઈ રીતે શક્ય બને? મારો નિર્ણય પર્યાવરણને અસર કરશે? દા.ત. કે એક પ્લાસ્ટિકની બેગ, એક પ્લાસ્ટિકનો કપ, એક પ્લાસ્ટીકની પેન પર્યાવરણમાં શું અસર કરશે એવો વિચાર આપણને આવી શકે પણ 140 કરોડ લોકો એક એક પ્લાસ્ટીકની વસ્તુ વાપરે તો પ્લાસ્ટીકના કચરાનું પ્રમાણ શું થાય? આમ આપણે આપણા વ્યવહારને પર્યાવરણ મિત્ર બનાવવાના છે આપનો વપરાશ સ્થાનિક હોય, આપનો વપરાશ નાના સ્તરે ઉત્પાદિત હોય, અને મારો વપરાશ જરૂરિયાત પૂરતો હોઈ જો આટલું આપણે વિચારીને અમલમાં મુકીશું તો પણ આપણે પર્યાવારના સંરક્ષણમાં મોટો ફાળો આપી શકીશું.



# फीफा विश्वकप

## खेल की दुनिया का महान उत्सव

- विक्रमसिंह अमरावत

फुटबॉल दुनिया का सबसे ज्यादा खेला जाने वाला और चर्चा में रहने वाला खेल है। जितने देश संयुक्त राष्ट्र संघ के सदस्य (193) हैं उनसे ज्यादा सदस्य संख्या फीफा की है। फीफा (Federation Internationale de Football Association) अर्थात् अंतर्राष्ट्रीय फुटबॉल महासंघ में कुल 211 राष्ट्रीय संघ शामिल हैं। 1904 के वर्ष में युरोप के कुछ देशों के बीच फुटबॉल की प्रतियोगिता आयोजित करने के लिये इस महासंघ की स्थापना हुई थी तब उसमें कुल आठ देशों के राष्ट्रीय फुटबॉल संघ सदस्य बने। वर्तमान में छ महाद्वीपों के संघ इस महासंघ के सदस्य हैं। एशिया (Asian Football Confederation), युरोप (Union of European Football Associations), अफ्रीका (Confederation of African Football), उत्तर अमेरिका ( Confederation of North, Central America and Caribbean Association Football), दक्षिण अमेरिका (CONMEBOL) और आस्ट्रेलिया (Oceania Football Confederation)। फीफा का काम दुनिया में फुटबॉल का प्रचार-प्रसार करना, खेल से संबंधित नियम बनाने में मदद करना, प्रतियोगिताएं आयोजित करना, विभिन्न राष्ट्रीय संघों को मान्यता देना है।

फीफा के द्वारा जिन प्रतियोगिताओं का आयोजन करवाया जाता है उनमें सबसे बड़ी प्रतियोगिता विश्व कप है। फीफा के समकालीन अध्यक्ष जूल्स रीमे के प्रयत्नों के परिणामस्वरूप 1930 में पहला विश्वकप दक्षिण अमेरिकी देश उरूग्वे में आयोजित किया गया। इसमें कुल 13 देशों ने भाग लिया था। यह दुनिया में विश्व व्यापी महामंदी का समय था और इसलिये इस प्रतियोगिता में युरोप की अधिकांश टीम हिस्सा नहीं ले पाई। इस प्रथम विश्व कप में युरोप की कुल चार टीमों ने ही हिस्सा लिया था जबकि उत्तर अमेरिका से दो टीमें थी और दक्षिण अमेरिका से सात टीमों ने भाग लिया था। पहला विश्व कप उरूग्वे ने अर्जेन्टिना को हरा कर जीता। इसके पश्चात प्रत्येक चार वर्ष में यह प्रतियोगिता आयोजित की जाने लगी। 1942 और 1946 में द्वितीय विश्वयुद्ध की वजह से ये प्रतियोगिता स्थगित रही इन दो मौकों के अलावा प्रत्येक चार वर्ष में इसका अनवरत आयोजन होता रहा। 2026 में कनाडा, संयुक्त राज्य अमेरीका और मेक्सिको में आयोजित फीफा विश्व कप 23वां विश्वकप है।



फीफा विश्वकप के लिये उपरोक्त छः महाद्विपीय महासंघ अपनी टीमें भेजते हैं और उसके लिये उनमें क्वालिफिकेशन प्रतियोगिता आयोजित होती है। मेजबान देश को स्वतः क्वालिफाई माना जाता है। प्रत्येक महासंघ का अपना कोटा होता है। उस संख्या में टीमें भेजी जाती है। 2026 में हो रहे विश्वकप में कुल 48 देशों की टीमें खेल रही है। ये अभी तक के सभी विश्व कप में सर्वाधिक संख्या है। सबसे ज्यादा टीम युरोपीय महासंघ से होती है। उसके पश्चात अफ्रिका, एशिया, दक्षिण अमेरिका, उत्तरी अमेरिका और फिर ओसियाना समूह।

अभी तक कल खेले गए 22 विश्वकप में से सर्वाधिक 5 विश्वकप ब्राजील ने जीते हैं। ब्राजील एकमात्र देश है जो आज तक खेले गए सभी विश्वकप में खेला है। ब्राजील के बाद जर्मनी और इटली ने चार-चार विश्वकप और अर्जेन्टिना ने तीन, उरूग्वे और फ्रांस ने दो-दो और इंग्लेंड एवं स्पेन ने एक-एक विश्वकप जीता है।

विश्वकप में खेलने वाले खिलाड़ियों में सर्वाधिक प्रसिद्ध और चर्चित खिलाड़ियों में पेले (ब्राजील), डियागो मेराडोना (अर्जेन्टिना), फ्रेंज बेकनबायर (जर्मनी), लियोनेल मैसी (अर्जेन्टिना), रोनाल्डो नाजारियो (ब्राजील), जिनेदिन जिदान (फ्रांस), जोहान क्रूफ (नीदरलेंड), मिरोस्लाव क्लोस (जर्मनी), क्रिस्टियानो रोनाल्डो (पुर्तगाल), किलियन एमबापे (फ्रांस) का नाम प्रमुखता से लिया जा सकता है। अभी तक के सर्वाधिक गोल करने वाले खिलाड़ियों में लियोनेल मेसी का नाम सबसे उपर है जिन्होंने अभी तक कुल छः विश्वकप खेले हैं (छठा विश्वकप में वर्तमान में खेल रहे हैं) और अभी तक छः विश्वकप के



32 मेचों में 21 गोल कर चुके हैं। उनके पश्चात फ्रांस के किलीयन एमबापे हैं जो अभी तक 20 गोल कर चुके हैं। ब्राजील के महान खिलाड़ी पेले एक मात्र खिलाड़ी हैं जो तीन विश्वकप जीतने वाली टीम का हिस्सा रहे हैं। 1958, 1962 और 1970 में ब्राजील ने विश्वकप जीता था, पेले उस टीम का हिस्सा रहे थे।

अभी तक कुल आयोजित 23 विश्वकप में से सर्वाधिक 11 युरोपीय देशों की मेजबानी में हुए हैं। एशिया महाद्वीप को अभी तक कुल दो विश्वकप की मेजबानी ही हासिल हुई है। 2002 में जापान और दक्षिण कोरिया की संयुक्त मेजबानी में आयोजित किया गया था और 2022 में कतर में विश्वकप का आयोजन हुआ था। एशियाई देशों में अभी तक का सबसे सर्वश्रेष्ठ प्रदर्शन दक्षिण कोरिया की टीम का रहा जो 2002 में सेमीफाईनल तक पहुँची थी। अफ्रिकी देशों में भी एकमात्र मोरक्को की टीम 2002 के कतर विश्वकप में सेमीफाईनल तक पहुँची थी जो कि किसी भी अफ्रिकी टीम का फीफा विश्वकप में सर्वश्रेष्ठ प्रदर्शन था।

फीफा वर्ल्ड कप के इतिहास का अध्ययन करने पर स्पष्ट होता है कि इस प्रतिष्ठित प्रतियोगिता पर मुख्य रूप से दो महाद्वीपों—यूरोप और दक्षिण अमेरिका—का ही वर्चस्व रहा है। वर्ष 1930 में प्रथम विश्व कप के आयोजन से लेकर वर्ष 2022 तक आयोजित सभी विश्व कप प्रतियोगिताओं में विजेता बनने का गौरव केवल इन्हीं दो महाद्वीपों के देशों को प्राप्त हुआ है। यद्यपि एशिया, अफ्रीका तथा उत्तरी एवं मध्य अमेरिका की कई टीमों ने समय-समय पर उत्कृष्ट प्रदर्शन किया है, फिर भी वे अब तक विश्व कप का खिताब जीतने में सफल नहीं हो सकी हैं। इस तथ्य से स्पष्ट होता है कि विश्व फुटबॉल के विकास, तकनीकी उत्कृष्टता और प्रतिस्पर्धात्मक स्तर को निर्धारित करने में यूरोप और दक्षिण अमेरिका की भूमिका सर्वाधिक महत्वपूर्ण रही है।

दक्षिण अमेरिका की बात करें तो ब्राज़ील, अर्जेंटीना और उरुग्वे इस महाद्वीप की सबसे सफल टीमें रही हैं। ब्राज़ील की फुटबॉल शैली को "सांबा फुटबॉल" के नाम से जाना जाता है, जिसमें गति, कलात्मकता, ड्रिब्लिंग, रचनात्मकता और व्यक्तिगत कौशल का अद्भुत समन्वय देखने को मिलता है।

दूसरी ओर, यूरोप की टीमों ने विश्व कप के इतिहास में सर्वाधिक सफलता अर्जित की है। युरोपीय टीमों में जर्मनी, इटली, फ्रांस, स्पेन, इंग्लेंड, बेल्जियम और नीदरलेंड सबसे प्रमुख टीमें रही है। यूरोपीय फुटबॉल की सबसे बड़ी विशेषता उसका अनुशासन, सामूहिक खेल, वैज्ञानिक प्रशिक्षण, रणनीतिक योजना और मजबूत क्लब प्रणाली है। इंग्लिश प्रीमियर लीग, ला लीगा, बुंडेसलीगा, सीरी-ए और लीग-1 जैसी पेशेवर लीगों ने खिलाड़ियों के विकास में महत्वपूर्ण योगदान दिया है। यही कारण है कि यूरोपीय टीमें लंबे समय तक उच्च स्तर का प्रदर्शन बनाए रखने में सफल रहती हैं।

यदि दोनों महाद्वीपों की खेल शैली की तुलना की जाए तो स्पष्ट अंतर दिखाई देता है। दक्षिण अमेरिकी टीमें व्यक्तिगत कौशल, रचनात्मकता, तेज़ आक्रमण और दर्शनीय फुटबॉल के लिए प्रसिद्ध हैं, जबकि यूरोपीय टीमें सामूहिक रणनीति, शारीरिक क्षमता, अनुशासन, उच्च फिटनेस स्तर तथा सामरिक दक्षता पर अधिक बल देती हैं। यही विविधता विश्व कप को और अधिक रोमांचक बनाती है, क्योंकि प्रत्येक मुकाबले में दो भिन्न फुटबॉल संस्कृतियों का आकर्षक संगम देखने को मिलता है।

हाल के वर्षों में यूरोपीय देशों का प्रदर्शन अपेक्षाकृत अधिक प्रभावशाली रहा है। 2006, 2010, 2014 और 2018 के लगातार चार विश्व कप यूरोपीय देशों ने जीते। इससे यह धारणा बनी कि विश्व फुटबॉल में यूरोप का प्रभुत्व बढ़ रहा है। किंतु 2022 के कतर विश्व कप में अर्जेंटीना की ऐतिहासिक जीत ने यह सिद्ध कर दिया कि दक्षिण अमेरिका की टीमें आज भी किसी भी यूरोपीय टीम को चुनौती देने और विश्व विजेता बनने की क्षमता रखती हैं। वर्तमान में चल रहे विश्वकप में भी क्वाटर फाईनल में पहुँचने वाली आठ टीमों में छः टीम युरोपीयन है और एक दक्षिण अमेरीका से अर्जेन्टिना और एक अफ्रिका से मोरक्को थी। सेमीफाईनल की चार में तीन टीमें युरोपीयन है। इसी से फुटबॉल में युरोप के प्रभुत्व सिद्ध होता है।

फीफा वर्ल्ड कप केवल एक खेल प्रतियोगिता नहीं, बल्कि विश्व की विविध संस्कृतियों, खेल भावना और मानव एकता का जीवंत प्रतीक है। यह प्रतियोगिता हर चार वर्ष में नई उम्मीदें, नए नायक और नए इतिहास रचती है। पेले से लेकर मेसी तक, और उरुग्वे से लेकर कतर और अमेरिका तक, विश्व कप की यात्रा खेल जगत की सबसे प्रेरणादायक गाथाओं में से एक है। यही कारण है कि फीफा वर्ल्ड कप आज भी विश्व के करोड़ों लोगों के द्वारा देखा जाने वाला खेल आयोजन है।



# જુલાઈ-૨૦૨૬માં બનેલી મહત્ત્વની ઘટનાઓ

– ડૉ. નીતિનકુમાર ઢાઢોદરા

**7 જુલાઈ**



## ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ સન્માન 'બિન્તાંગ આદિપૂર્ણ'થી સન્માનિત કરવામાં આવ્યા

જકાર્તામાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો દ્વારા વડાપ્રધાન મોદીને દેશનું સર્વોચ્ચ સન્માન 'બિન્તાંગ આદિપૂર્ણ' (Bintang Adipurna)થી સન્માનિત કરવામાં આવ્યા. બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધોને મજબૂત કરવા માટે તેઓને આ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળેલું આ ૩૫મું આંતરરાષ્ટ્રીય સન્માન છે.



## 'ઇન્ટિગ્રેટેડ મેઈન પેરાશૂટ એરડ્રોપ ટેસ્ટ' (IMAT-05) સફળતાપૂર્વક યોજવામાં આવ્યું

ગગનયાન મિશનના પ્રથમ માનવરહિત (G1) મિશન પૂર્વે ક્રૂ મોડ્યુલની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવા માટે 7 જુલાઈ 2026 ના રોજ મધ્યપ્રદેશના શિયોપુર ખાતે આવેલા ADRDE ડ્રોપ ઝોનમાં પાંચમું 'ઇન્ટિગ્રેટેડ મેઈન પેરાશૂટ એરડ્રોપ ટેસ્ટ' (IMAT-05) સફળતાપૂર્વક યોજવામાં આવ્યું હતું. આ પરીક્ષણ અંતર્ગત ભારતીય વાયુસેનાના IL-76 ભારે પરિવહન વિમાન દ્વારા 5 ટન વજન ધરાવતા ડમી ક્રૂ મોડ્યુલને 2.5 કિલોમીટરની ઊંચાઈએથી નીચે છોડવામાં આવ્યું હતું, જેનાથી સૌથી વધુ હવાનું દબાણ અને ભાર હોય તેવી કટોકટીની સ્થિતિમાં પણ તેની પેરાશૂટ સિસ્ટમ આપમેળે ખુલીને મોડ્યુલની ગતિને નિયંત્રિત કરવામાં સફળ રહી હતી. આ મહત્ત્વપૂર્ણ પરીક્ષણ ISRO, DRDO, ભારતીય વાયુસેના અને ભારતીય સેનાના સંયુક્ત પ્રયાસોથી પાર પડ્યું હતું, જેનો મુખ્ય હેતુ મિશનની સુરક્ષા અને પેરાશૂટની મજબૂતાઈની આખરી ચકાસણી કરવાનો હતો.

**7 -8 જુલાઈ**



## NATO (North Atlantic Treaty Organization)નું શિખર સંમેલન યોજાયું

તુર્કિયેની રાજધાની અંકારા ખાતે NATO (North Atlantic Treaty Organization)નું શિખર સંમેલન યોજાયું, જેમાં 32 સભ્ય દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓએ ભાગ લીધો. સંમેલનમાં યુક્રેનને સતત લશ્કરી અને આર્થિક સહાય ચાલુ રાખવા, રશિયાથી ઊભા થતા સુરક્ષા પડકારોનો સામનો કરવા, સભ્ય દેશોના સંરક્ષણ ખર્ચમાં વધારો કરવા, સંરક્ષણ ઉદ્યોગમાં સહકાર વધારવા તેમજ સાયબર સુરક્ષા, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને નવી લશ્કરી ટેક્નોલોજીના વિકાસ જેવા મુદ્દાઓ પર મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.

**12 જુલાઈ**



## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં 1 કલાકમાં 3,61,000થી વધુ રોપા વાવીને એક નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સર્જવામાં આવ્યો

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના 'હરિયાળી લોકસભા' અભિયાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત અમદાવાદના ભાડજ ખાતે ગોતા-ગોધાવી કેનાલ પાસે 1 કલાકમાં 3,61,000થી વધુ રોપા વાવીને એક નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સર્જવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીના 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત યોજાયેલી આ મેગા ડ્રાઈવમાં 25,000થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ અભિયાનમાં જાપાનીઝ મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને અંદાજે 91,006 ચોરસ મીટર જમીન પર 35 દેશી પ્રજાતિના વૃક્ષો વાવવામાં આવ્યાં છે, જે સામાન્ય કરતાં 10 ગણી ઝડપથી અને 30 ગણા વધુ ઘટાદાર રીતે વિકાસ પામીને ટૂંક સમયમાં જ એક સ્વનિર્ભર શહેરી જંગલ બનશે. આ ઐતિહાસિક સિદ્ધિ સાથે અમદાવાદે આસામનો જૂનો રેકોર્ડ તોડીને પર્યાવરણ ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.



23 જુલાઈ

## કોમનવેલ્થ ગેમ્સ 2026નું આયોજન થયું

કોમનવેલ્થ ગેમ્સ 2026નું આયોજન 23 જુલાઈથી 2 ઑગસ્ટ, 2026 દરમિયાન ગ્લાસ્ગો (સ્કોટલેન્ડ) ખાતે થયું. આ 23મી કોમનવેલ્થ ગેમ્સ છે, જેમાં 74 કોમનવેલ્થ દેશના 3,000થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે. આ આવૃત્તિમાં 10 મુખ્ય રમતો અને 6 પેરા-સ્પોર્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગેમ્સનું આયોજન અગાઉ વિક્ટોરિયા (ઑસ્ટ્રેલિયા) ખાતે થવાનું હતું, પરંતુ વધતા ખર્ચને કારણે આયોજન રદ થતાં પછી ગ્લાસ્ગોને યજમાન તરીકે પસંદ કરવામાં આવ્યું.




26 જુલાઈ

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુને સુવર્ણચંદ્રક

ગ્લાસ્ગો (સ્કોટલેન્ડ) ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતની સ્ટાર વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુએ મહિલા 48 કિગ્રા વજન વર્ગમાં સુવર્ણચંદ્રક જીતીને સળંગ ત્રીજી વખત (2018, 2022 અને 2026) કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાનો ઈતિહાસ રચ્યો. આ સાથે તેમણે ભારત માટે ગેમ્સનો પ્રથમ સુવર્ણચંદ્રક પણ જીત્યો અને કોમનવેલ્થ રેકોર્ડ પણ સ્થાપ્યા. સૌથી મહત્ત્વની વાત એ છે કે મીરાબાઈ ચાનુ કોમનવેલ્થ ગેમ્સમાં ભારત તરફથી સતત ત્રણ સુવર્ણચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની છે



26 જુલાઈ

## પ્રાચીન બૌદ્ધ સ્થળ સારનાથને UNESCO વિશ્વ ધરોહર યાદીમાં સ્થાન મળ્યું

26 જુલાઈ, 2026ના રોજ દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં યોજાયેલી UNESCO વર્લ્ડ હેરિટેજ કમિટીની 48મી બેઠક દરમિયાન ભારતના ઉત્તરપ્રદેશમાં આવેલ પ્રાચીન બૌદ્ધ સ્થળ સારનાથ (Ancient Buddhist Site of Sarnath)ને UNESCO વિશ્વ ધરોહર (World Heritage) યાદીમાં સાંસ્કૃતિક ધરોહર સ્થળ તરીકે સમાવેશ કરવામાં આવ્યો. સારનાથ એ સ્થળ છે જ્યાં ભગવાન ગૌતમ બુદ્ધે બોધગયામાં જ્ઞાનપ્રાપ્તિ બાદ પોતાનો પ્રથમ ધર્મોપદેશ આપ્યો હતો. અહીં આવેલ ધમેખ સ્તૂપ, ધર્મરાજિકા સ્તૂપના અવશેષો, અશોક સ્તંભના અવશેષો, પ્રાચીન વિહાર અને અન્ય બૌદ્ધ સ્મારકો તેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્ત્વને ઉજાગર કરે છે. સારનાથના સમાવેશ સાથે ભારતના UNESCO વિશ્વ ધરોહર સ્થળોની કુલ સંખ્યા 45 થઈ છે.



# દીક્ષારંભ

● ૧ जुलाई, २०२६

नई शुरुआत ● नए सपने ● नई पहचान

– ચાર્મી પંચાલ

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે 1 જુલાઈથી 11 જુલાઈ 2026 દરમિયાન નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ માટે "દીક્ષારંભ 2026" Student Induction Programme 2026નું આયોજન વિદ્યાર્થી રમતગમત, સાંસ્કૃતિક અને કલ્યાણ શાખા (SSCW Branch) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ, શૈક્ષણિક પરંપરા, ગાંધીયન જીવનમૂલ્યો, સંસ્થાકીય સંસ્કૃતિ, વિદ્યાર્થી કલ્યાણ યોજનાઓ, શૈક્ષણિક માળખું, કારકિર્દી વિકાસની તકો તથા સર્વાંગી વિકાસ માટે ઉપલબ્ધ વિવિધ પ્રવૃત્તિઓથી પરિચિત કરાવવાનો હતો.







અગિયાર દિવસ દરમિયાન યોજાયેલાં વિવિધ વ્યાખ્યાનો, પ્રેરણાત્મક સત્રો, હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ, યોગ અને ધ્યાન, હેરિટેજ વૉક, નવીનતા આધારિત પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ પ્રતિભાવ સત્રો દ્વારા વિદ્યાર્થીઓમાં ગૂજરાત વિદ્યાપીઠ પ્રત્યે આત્મીયતા, ગૌરવ અને જવાબદારીની ભાવના વિકસાવવામાં સફળતા મળી.

## કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશો

- નવા વિદ્યાર્થીઓનું ભારતીય પરંપરા અનુસાર સ્વાગત કરવું.
- ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ, વિચારધારા અને શૈક્ષણિક વારસાથી પરિચિત કરાવવું.
- વિદ્યાપીઠની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વિદ્યાર્થી કલ્યાણ વ્યવસ્થાઓ અંગે માહિતી આપવી.
- વિદ્યાર્થીઓમાં સર્વાંગી વિકાસ, નેતૃત્વ, સર્જનાત્મકતા અને સામાજિક જવાબદારીનો વિકાસ કરવો.
- ગાંધીયન મૂલ્યો જેવા કે સ્વાવલંબન, શ્રમ, સ્વચ્છતા, શિસ્ત અને સમૂહજીવન પ્રત્યે અભિરુચિ વિકસાવવી.
- વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ, પ્લેસમેન્ટ, સ્ટાર્ટઅપ, NSS, NCC અને અન્ય સહ અભ્યાસની પ્રવૃત્તિઓ તરફ પ્રેરિત કરવું.
- વિદ્યાર્થીઓમાં સંસ્થા પ્રત્યે ગૌરવ અને જોડાણની ભાવના વિકસાવવી.

## ઉદ્‌ઘાટન સમારોહ

### 1 જુલાઈ 2026

દીક્ષારંભ 2026નો પ્રારંભ મોરારજી દેસાઈ મંડપમ ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહથી થયો હતો. કાર્યક્રમ દરમિયાન નવા વિદ્યાર્થીઓનું ભારતીય સંસ્કૃતિ અનુસાર સ્વાગત કરવામાં આવ્યું. મંગલાચરણ, સ્વાગત પ્રવચન, મહાનુભાવોના સન્માન, ગૂજરાત વિદ્યાપીઠનો પરિચય આપતી ડૉક્યુમેન્ટરી, વિદ્યાપીઠના 105મા સ્થાપના દિવસ, સ્નાતક સંઘના શતાબ્દી વર્ષ તથા 71મા દીક્ષાંત સમારોહ અંગેની ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવ્યું.

અંતે માનનીય કુલપતિ ડૉ. હર્ષદ એ. પટેલ દ્વારા પ્રેરણાદાયી અધ્યક્ષીય ઉદ્‌બોધન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓને વિદ્યાપીઠના મૂલ્યો અનુસાર જીવન જીવવા તથા સમાજસેવામાં યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

## કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ

### 2 જુલાઈ 2026 (સંસ્થાકીય પરિચય)

આ દિવસે વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ, સ્થાપના, શૈક્ષણિક પરંપરા અને વિશિષ્ટતાઓ અંગે માહિતગાર કરવામાં આવ્યા. બીજા સત્રમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિદ્યાપીઠમાં ઉપલબ્ધ રમતગમત, સાંસ્કૃતિક, કલ્યાણ, નેતૃત્વ તથા વ્યક્તિત્વ વિકાસની વિવિધ પહેલોની વિસ્તૃત માહિતી આપવામાં આવી.

### 3 જુલાઈ 2026 (સ્કૉલરશિપ અને વિદ્યાર્થી વિકાસ)

વિદ્યાર્થીઓને Digital Gujarat Scholarship Portal અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. સ્કૉલરશિપ માટેની પાત્રતા, અરજી પ્રક્રિયા તથા જરૂરી દસ્તાવેજોની સમજ આપવામાં આવી. બીજા સત્રમાં વિદ્યાર્થીઓને નીચેની મહત્ત્વપૂર્ણ યોજનાઓથી પરિચિત કરાવવામાં આવ્યા:

- SWAPNA, KUSHAL Scholarship, Khadisutra

આ યોજનાઓ દ્વારા વિદ્યાર્થીઓને આર્થિક સહાય, પ્રતિભા વિકાસ, સ્વાવલંબન તથા સહ અભ્યાસની વિકાસની તકો વિશે માહિતી આપવામાં આવી.

### 4 જુલાઈ 2026 (યોગ, ધ્યાન અને હેરિટેજ વૉક)





દિવસની શરૂઆત યોગ અને ધ્યાનથી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ "My First Heritage Walk" અંતર્ગત વિદ્યાર્થીઓએ ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ ઐતિહાસિક અને શૈક્ષણિક કેન્દ્રોની મુલાકાત લીધી.




હેરિટેજ વૉક દરમિયાન મુલાકાત લેવાયેલાં સ્થળો:

- ભારતીય સંસ્કૃતિ સંગ્રહાલય, ગ્રંથાલય, ખાદીસૂત્ર કોર્નર, SSCW કચેરી, પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ટ્રાઇબલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટર

આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનો જીવંત પરિચય મળ્યો.

**6 જુલાઈ 2026 (શૈક્ષણિક પરિચય અને કારકિર્દી માર્ગદર્શન)**

વિદ્યાર્થીઓને વિદ્યાપીઠના વિવિધ વિભાગો, અભ્યાસક્રમો, શૈક્ષણિક પ્રક્રિયા તથા અભ્યાસની વ્યવસ્થા અંગે માહિતી આપવામાં આવી. ત્યારબાદ પ્લેસમેન્ટ સેલ દ્વારા રોજગાર, ઇન્ટર્નશિપ, ઉચ્ચશિક્ષણ, કારકિર્દી આયોજન તથા વ્યક્તિત્વ વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**7 જુલાઈ 2026 (નવીનતા અને પ્રતિભા વિકાસ)**

આ દિવસ વિદ્યાર્થીઓ માટે અત્યંત સર્જનાત્મક રહ્યો.

- વિદ્યાર્થીઓએ Vidyapith Shark Tank, Talent Hunt 360° – Discover Your Strength પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો

આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા, નેતૃત્વ ક્ષમતા, નવીન વિચારો અને સર્જનાત્મકતાનું પ્રદર્શન કરવાની તક મળી. ત્યારબાદ Student Startup and Innovation Programme (SSIP) અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, જેના દ્વારા વિદ્યાર્થીઓને નવીનતા અને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**8 જુલાઈ 2026 (NSS અને NCC પરિચય)**

વિદ્યાર્થીઓને National Service Scheme (NSS) તથા National Cadet Corps (NCC) વિશે માહિતગાર કરવામાં આવ્યા. આ સત્રોમાં રાષ્ટ્રસેવા, શિસ્ત, નેતૃત્વ, સમાજસેવા તથા વ્યક્તિત્વ વિકાસમાં NSS અને NCCની ભૂમિકાની સમજ આપવામાં આવી. NCC કેડેટ્સ દ્વારા પરેડનું જીવંત પ્રદર્શન પણ યોજાયું.

**9 જુલાઈ 2026 (ગૂજરાત વિદ્યાપીઠની જીવંત પરંપરાઓ)**

વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠની વિશિષ્ટ પરંપરાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

- વણાટ, કાંતણ, ખાદી

ત્યારબાદ "Spin Your First Thread" નામની હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓએ સ્વયં ચરખા પર કાંતણનો અનુભવ કર્યો અને ગાંધીજીના સ્વાવલંબનના સિદ્ધાંતને પ્રત્યક્ષ રીતે અનુભવ્યો.



**10 જુલાઈ 2026 (જીવન મૂલ્યો અને ગ્રંથાલય પરિચય)**

વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠના દૈનિક જીવનમૂલ્યો અંગે માહિતગાર કરવામાં આવ્યા. જેમાં મુખ્ય વિષયો:

- પ્રાર્થના, શ્રમ, સ્વચ્છતા, સમૂહજીવન, છાત્રાલય જીવન

બીજા સત્રમાં ગ્રંથાલય પરિચય દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકાલયની વિવિધ સેવાઓ, ડિજિટલ સ્રોતો તથા સંશોધન સુવિધાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

**11 જુલાઈ 2026 (સમાપન કાર્યક્રમ)**

કાર્યક્રમના અંતિમ દિવસે Mass PT દ્વારા વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી, ટીમ સ્પિરિટ અને શિસ્તના મૂલ્યો વિકસાવવામાં આવ્યા. ત્યારબાદ "અભિવ્યક્તિ – Discover the Performer Within" અંતર્ગત વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, કલા અને વિવિધ સર્જનાત્મક અભિવ્યક્તિઓ રજૂ કરી. અંતિમ સત્રમાં વિદ્યાર્થીઓ પાસેથી પ્રશ્નોત્તરી, પ્રતિસાદ તથા વિડિયો પ્રતિભાવ લેવામાં આવ્યા, જેના દ્વારા સમગ્ર દીક્ષારંભ કાર્યક્રમનું મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**કાર્યક્રમની મુખ્ય સિદ્ધિઓ**

દીક્ષારંભ 2026 દ્વારા વિદ્યાર્થીઓમાં હકારાત્મક પરિણામો પ્રાપ્ત થયાં:

- ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ, ધ્યેય અને મૂલ્યો અંગે ઊંડી સમજ વિકસાવી.
- શૈક્ષણિક વ્યવસ્થા અને વિદ્યાર્થી સહાય સેવાઓ અંગે માહિતગાર બન્યા.
- સ્કોલરશિપ, પ્લેસમેન્ટ, સ્ટાર્ટઅપ, NSS, NCC તથા અન્ય વિકાસલક્ષી કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પ્રેરણા મળી.
- ગાંધીયન જીવનમૂલ્યોનો વ્યાવહારિક અનુભવ પ્રાપ્ત થયો.
- યોગ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ માટે પ્રોત્સાહન મળ્યું.
- નવીનતા, નેતૃત્વ, આત્મવિશ્વાસ અને ટીમવર્ક જેવી ક્ષમતાઓનો વિકાસ થયો.
- ગૂજરાત વિદ્યાપીઠ પ્રત્યે આત્મીયતા, ગૌરવ અને જવાબદારીની ભાવના મજબૂત બની.

**નિષ્કર્ષ :** દીક્ષારંભ 2026 નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ માટે માત્ર એક પરિચય કાર્યક્રમ નહીં પરંતુ ગૂજરાત વિદ્યાપીઠના જીવનદર્શન, ગાંધીયન મૂલ્યો અને સર્વાંગી શિક્ષણની પરંપરાનો જીવંત અનુભવ કરાવતો એક સશક્ત શૈક્ષણિક ઉપક્રમ સાબિત થયો. સમગ્ર કાર્યક્રમમાં શૈક્ષણિક પરિચય, વ્યક્તિત્વ વિકાસ, નવીનતા, સ્વાવલંબન, શિસ્ત, રાષ્ટ્રસેવા અને સાંસ્કૃતિક મૂલ્યોનું સુંદર સંકલન જોવા મળ્યું.

વિદ્યાર્થી રમતગમત, સાંસ્કૃતિક અને કલ્યાણ શાખા (SSCW Branch) ના પ્રયાસોથી દીક્ષારંભ 2026 સફળતાપૂર્વક પૂર્ણ થયો. આ કાર્યક્રમે નવા વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠના પરિવાર સાથે આત્મીય રીતે જોડ્યા અને તેમની શૈક્ષણિક યાત્રાનો એક મજબૂત, મૂલ્યનિષ્ઠ અને પ્રેરણાદાયી પ્રારંભ કરાવ્યો.



# પ્રવૃત્તિ-દર્પણ

- અદ્વૈતા દવે

## પરિસંવાદ અને જ્ઞાન વિસ્તાર


### કુલપતિશ્રીની પીએચ.ડી.ના સંશોધક વિદ્યાર્થીઓ સાથે બેઠક (01/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ દ્વારા પીએચ.ડી.ના સંશોધક વિદ્યાર્થીઓ સાથે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીયન ભૂમિના શાંત અને શૈક્ષણિક વાતાવરણમાં વિદ્યાર્થીઓ પૂર્ણ એકાગ્રતા સાથે પોતાનું સંશોધન કાર્ય કરી શકે તે હેતુથી ગૂજરાત વિદ્યાપીઠના હેરિટેજ બિલ્ડિંગ 'પ્રાણજીવન ભવન' ખાતે પૂર્ણકાલીન પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે અલગથી સુવિધાજનક અભ્યાસ ખંડો ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે વિદ્યાર્થીઓના ગહન અધ્યયન માટે ખૂબ જ સરાહનીય પ્રદાન બની રહેશે.

### 'જીવનમાં સફળતા તરફ પ્રેરણાદાયી માર્ગદર્શન' વિષય પર વ્યાખ્યાન

(09/07/2026)




ગૂજરાત વિદ્યાપીઠના વ્યવસ્થાપન વિદ્યાશાખા દ્વારા હીરક મહોત્સવ હોલ ખાતે એક પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પી.ઓ.પી. શ્રી પ્રફુલ શ્રોફે "How to Succeed in Life" (જીવનમાં કેવી રીતે સફળ થવું) વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાના જીવનના વાસ્તવિક અનુભવો અને ઉદાહરણો પ્રસ્તુત કરીને વિદ્યાર્થીઓને સફળતાનો સાચો માર્ગ સમજાવ્યો હતો. વ્યાખ્યાન દરમિયાન તેમણે જીવનમાં મહેનત, શિસ્ત, સકારાત્મક દૃષ્ટિકોણ, સતત શીખવાની વૃત્તિ અને આત્મવિશ્વાસ જેવા પાયાના ગુણોનું મહત્ત્વ સમજાવીને પડકારોને તકમાં કેવી રીતે બદલવા તે અંગે સચોટ દિશાસૂચન કર્યું હતું. આ વ્યાખ્યાન વિદ્યાર્થીઓ માટે અત્યંત પ્રેરણાદાયી અને જીવનલક્ષી સાબિત થયું હતું.

### સ્પ્રિંગ બૂટ દ્વારા માઇક્રોસર્વિસિસ આર્કિટેક્ચર પર 3-દિવસીય વર્કશોપનું ઉદ્ઘાટન (11/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠના કમ્પ્યુટર સાયન્સ વિભાગ અને ગૂજરાત વિદ્યાપીઠ કમ્પ્યુટર સાયન્સ એલ્યુમની એસોસિએશન (GVPCSAA) ના સંયુક્ત ઉપક્રમે "માઇક્રોસર્વિસિસ આર્કિટેક્ચર યુઝિંગ સ્પ્રિંગ બૂટ: ડિઝાઇન, ડેવલપમેન્ટ એન્ડ ડિપ્લોયમેન્ટ" વિષય પર 3-દિવસીય વર્કશોપનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રેરણાદાયી ઉદ્ઘાટન સત્ર સાથે સઘન શિક્ષણ અને વ્યવહારુ પ્રદર્શનની શરૂઆત થઈ હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જિજ્ઞેશ કંસારા અને અન્ય નિષ્ણાત ઉપસ્થિત રહ્યા હતા, જેઓ સહભાગીઓને આધુનિક સોફ્ટવેર ડેવલપમેન્ટ પદ્ધતિઓનું માર્ગદર્શન આપશે. તમામ તાલીમાર્થીઓ માટે આ વર્કશોપ ઉત્પાદક અને જ્ઞાનવર્ધક બની રહે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા વિશેષ વ્યાખ્યાનનું આયોજન (13/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ ડૉ. ભગવાનદાસ પટેલે "મૌખિક પરંપરા દ્વારા પ્રાગૈતિહાસ કેવી રીતે લખાય" વિષય પર પોતાનું મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે પેઢીઓથી ચાલી આવતી વાર્તાઓ, કથાઓ અને લોકવાણી કેવી રીતે ઇતિહાસ લેખનનું એક સચોટ અને સબળ માધ્યમ બની શકે છે, તે અંગે ઉપસ્થિત શ્રોતાઓને ઊંડાણપૂર્વકની વિશેષ સમજ પૂરી પાડી હતી.

### ગુજરાતી વિભાગ દ્વારા સર્જનાત્મક લેખન કાર્યશાળાનો પ્રારંભ (20/07/2026)



ગુજરાતી વિભાગ દ્વારા આયોજિત "ટીવી સિરિયલ, ફિલ્મ અને કથાસાહિત્ય લેખન" વિષયક સર્જનાત્મક લેખન કાર્યશાળાનો આદરણીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની ગરિમામય અધ્યક્ષતામાં પ્રારંભ થયો હતો. ગુજરાતી વિભાગના પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ અને લબ્ધપ્રતિષ્ઠિત સર્જક શ્રી રામ મોરી દ્વારા પાંચ દિવસ ચાલનારી આ વિશેષ કાર્યશાળામાં તાલીમાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. કાર્યશાળાના પ્રથમ દિવસે "ફિલ્મ જોતાં શીખીએ અને ફિલ્મની સ્ક્રિપ્ટ વિશે ભણીએ" વિષય પર ઊંડાણપૂર્વકની ચર્ચા સાથે વિદ્યાર્થીઓને કલાત્મક અને સાહિત્યિક સંવાદનું અમૂલ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું.

## કવિવર ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે કાવ્યપઠન કાર્યક્રમ (21/07/2026)



"વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ" એવા માનવતાવાદી વિચારોના પ્રણેતા, ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક અને કવિવર શ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતી પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા (ગુજરાતી વિભાગ) દ્વારા એક કાવ્યપઠન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાહિત્યિક સભામાં અધ્યાપકોએ કવિવરની અમર કૃતિઓનું સુંદર પઠન કરીને અંજલિ અર્પી હતી.

## કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટ પર બે-દિવસીય તાલીમ કાર્યક્રમ સંપન્ન (29/07/2026)





વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા દ્વારા જુલાઈ “અંડરસ્ટેન્ડિંગ ધ કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટ” વિષય પર બે-દિવસીય વિસ્તૃત તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. SEBI અને NCDEX ના સંયુક્ત સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગતના નિષ્ણાત સુશ્રી પલક લોટીયાએ ઉપસ્થિત તાલીમાર્થીઓને કોમોડિટી બજારની બારીકીઓ અને તેના વ્યવહારુ પાસાઓ વિશે ગહન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ

## શ્રમ, શિક્ષણ અને પ્રકૃતિ સાથેનું પ્રત્યક્ષ જીવન શિક્ષણ (08/07/2026)





ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામવિદ્યા વિભાગના બી.આર.એસ. સત્ર-3 અને સત્ર-5ના વિદ્યાર્થીઓ દ્વારા વાવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે ખેતરમાંથી નિંદામણ દૂર કરવાની શ્રમસાધના કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓએ જમીન વિજ્ઞાન, કૃષિ વ્યવસ્થાપન, પાક ઉત્પાદન તેમજ પ્રાયોગિક અને પ્રાકૃતિક ખેતીની પ્રત્યક્ષ તાલીમ મેળવી હતી. મહાત્મા ગાંધીજીના "નઈ તાલીમ"ના સિદ્ધાંતને ચરિતાર્થ કરતા આ પ્રયાસ દ્વારા શિક્ષણને શ્રમ સાથે જોડીને વિદ્યાર્થીઓને પુસ્તકીય જ્ઞાનની સાથે વ્યવહારુ અનુભવ પૂરો પાડવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિ માત્ર ખેતી પૂરતી મર્યાદિત ન રહેતા વિદ્યાર્થીઓમાં શ્રમનું ગૌરવ, સામૂહિક કાર્યભાવના અને આત્મનિર્ભરતાના જીવનમૂલ્યોનું સિંચન કરે છે. આ ઉપરાંત, બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા રીંગણના રોપાનું સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટિંગ કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી દ્વારા શાકભાજી ઉગાડવાનો આ પ્રયોગ ટકાઉ કૃષિ અને પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ જગાડવાનો એક ઉત્કૃષ્ટ પ્રયાસ છે.

## એમ.સી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત કૃષિ પ્રોજેક્ટની 'વંદે ભારતમ 2026'માં પસંદગી (12/07/2026)




ગૂજરાત વિદ્યાપીઠના એમ.સી.એ. વિભાગના વિદ્યાર્થીઓ જયદીપ દેસાઇ અને અંકેશ રાવલે એક મોટી સિદ્ધિ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ વિદ્યાર્થીઓએ ભારતીય કૃષિ ક્ષેત્રે નાના ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી અને ક્રાંતિકારી સાબિત થઇ શકે તેવું “હેન્ડ ઓપરેટેડ સીડ પ્લાન્ટર મશીન” (હાથથી ચાલતું બીજ વાવવાનું મશીન) વિકસાવ્યું છે. અદાણી ગ્રુપ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાના 'વંદે ભારતમ 2026'ના પ્રતિષ્ઠિત મંચ પર આ પ્રોજેક્ટનું રજિસ્ટ્રેશન થવું એ વિદ્યાપીઠ પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. આ બંને તેજસ્વી વિદ્યાર્થીઓ આગામી રાઉન્ડમાં પણ સફળતા મેળવી પોતાના નવતર વિચારને દેશના ખેડૂતો સુધી પહોંચાડે તેવી મંગલ કામનાઓ વ્યક્ત કરવામાં આવે છે.

## એનસીસી કેડેટ્સ માટે પદ અલંકરણ સમારોહનું આયોજન (21/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠના એનસીસી (NCC) વિભાગ દ્વારા કેડેટ્સની સખત મહેનત, સમર્પણ અને શિસ્તબદ્ધ પ્રદર્શનને બિરદાવવા માટે પદ અલંકરણ (રેન્ક સેરેમની) સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ પ્રસંગે ઉત્કૃષ્ટ સેવા અને નેતૃત્વના ગુણો ધરાવતા લાયક કેડેટ્સને તેમની નિયુક્તિ અનુસાર વિવિધ પદ અને સ્ટાર્સ એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહ દ્વારા કેડેટ્સમાં દેશસેવા અને રાષ્ટ્ર પ્રત્યેના ઉત્તરદાયિત્વની ભાવના વધુ પ્રબળ બની હતી.

## 'કુશલ' યોજના અંતર્ગત પ્રમાણપત્ર વિતરણ (20/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠ ખાતે 'કુશલ' (કુલાધિપતિ શિષ્ય અભ્યાસ લબ્ધિ) યોજના 2026 અંતર્ગત પ્રમાણપત્ર અને શિષ્યવૃત્તિ વિતરણ સમારોહ યોજાયો હતો. આ ગૌરવપૂર્ણ પ્રસંગે ગુજરાતના પૂર્વ શિક્ષણ મંત્રી તેમજ ગૂજરાત વિદ્યાપીઠ મંડળના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની ગરિમાપૂર્ણ અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત પસંદગી પામેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને પ્રમાણપત્ર એનાયત કરીને તેમના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવામાં આવ્યો હતો.





આ કાર્યક્રમ માત્ર શૈક્ષણિક ગુણાંક કે નિશ્ચિત ક્વોટાના આધારે નહીં, પરંતુ વિદ્યાર્થીના બહુઆયામી વ્યક્તિત્વને ધ્યાનમાં રાખીને આયોજિત કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની પારદર્શક પસંદગી માટે (1) વર્ગોમાં નિયમિત હાજરી, (2) ઉત્કૃષ્ટ શિસ્ત અને સદાચરણ, (3) રમત-ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય સહભાગીદારી અને (4) વેકેશન દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં રોકાઈને સંસ્થાના 'સ્વપ્ર – સ્વાભિમાન પ્રોજેક્ટ ફોર નર્ચરીંગ એપ્ટીટ્યુડ પ્રોગ્રામ અંતર્ગત ગાર્ડનીંગ તથા સફાઈ કાર્યમાં જોડાઈને માનધન મેળવ્યું હોય, જેવા ઉમદા અને શ્રમનિષ્ઠ માપદંડોને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય યુનિવર્સિટીઓની રમતગમત કે સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લઈને વિજેતા બનેલા વિદ્યાર્થીઓને પણ પ્રાધાન્ય આપી, આ તમામ પરિમાણોના આધારે આ વર્ષે કુલ 100 તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.







મુખ્ય અતિથિ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આવા નવીન અને વિદ્યાર્થી-કેન્દ્રિત કાર્યક્રમના સફળ આયોજન બદલ કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ તથા તેમની સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ નિર્માણ, સામાજિક જવાબદારીની ભાવના અને સર્વાંગી ઉત્કર્ષ માટે આવા નવતર પ્રયાસો શિક્ષણ જગતમાં અત્યંત આવશ્યક અને પ્રેરણાદાયી સાબિત થશે.









## BRSના વિદ્યાર્થીઓ માટે કૃષિવિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાની શૈક્ષણિક મુલાકાત

(22/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખાના ગ્રામવિદ્યા વિભાગના BRS (Bachelor of Rural Studies) ના વિદ્યાર્થીઓ દ્વારા બાગાયત તથા પશુપાલન અને ડેરી વિજ્ઞાન વિષયના પ્રત્યક્ષ કાર્યના ભાગરૂપે કૃષિવિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ બાગાયત ક્ષેત્રની વિવિધ નૂતન પ્રવૃત્તિઓ, આધુનિક કૃષિ પદ્ધતિઓ તેમજ પશુપાલન અને ડેરી વિજ્ઞાન સંબંધિત મહત્ત્વપૂર્ણ વ્યવહારું જ્ઞાન મેળવ્યું હતું. વર્ગખંડના સૈદ્ધાંતિક શિક્ષણને પ્રત્યક્ષ ક્ષેત્ર અનુભવ સાથે જોડવાનો આ પ્રયાસ વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને ઉપયોગી સાબિત થયો હતો.

## ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગોમાં NSS સ્વયંસેવક પસંદગી પ્રક્રિયા સંપન્ન (28,29/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠના સેવા અને સ્વાવલંબનના આદર્શોને ચરિતાર્થ કરવાના હેતુથી તાજેતરમાં વિદ્યાપીઠની વિવિધ શાખાઓમાં રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત નવા સ્વયંસેવક વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગાંધીજીના વિચારોથી પ્રેરિત વિદ્યાપીઠના પરિસરમાં યુવાધનને સમાજ સેવા તરફ વાળવા માટે આ એક મહત્ત્વપૂર્ણ પગલું રહ્યું હતું.

## 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ (11/07/2026) - સાદરા પરિસર



ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખાના ગ્રામવિદ્યા વિભાગના BRS (Bachelor of Rural Studies) ના વિદ્યાર્થીઓ દ્વારા બાગાયત તથા પશુપાલન અને ડેરી વિજ્ઞાન વિષયના પ્રત્યક્ષ કાર્યના ભાગરૂપે કૃષિવિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ બાગાયત ક્ષેત્રની વિવિધ નૂતન પ્રવૃત્તિઓ, આધુનિક કૃષિ પદ્ધતિઓ તેમજ પશુપાલન અને ડેરી વિજ્ઞાન સંબંધિત મહત્ત્વપૂર્ણ વ્યવહારું જ્ઞાન મેળવ્યું હતું. વર્ગખંડના સૈદ્ધાંતિક શિક્ષણને પ્રત્યક્ષ ક્ષેત્ર અનુભવ સાથે જોડવાનો આ પ્રયાસ વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને ઉપયોગી સાબિત થયો હતો.

## 'શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા ખાતે 'દીક્ષારંભ કાર્યક્રમ'ની પૂર્ણાહુતિ (13/07/2026)



શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરાના નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે 'દીક્ષારંભ કાર્યક્રમ' સંપન્ન થયો હતો. આ સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બ્રહ્માકુમારીઝના બી. કે. તારા દીદી અને બી. કે. શ્રુતિ દીદી ઉપસ્થિત રહ્યાં હતાં અને તેઓએ વિદ્યાર્થીઓને જીવનમાં નવી ઊર્જા સાથે શૈક્ષણિક યાત્રાની શરૂઆત કરવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



## શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા ખાતે NSS રજિસ્ટ્રેશન અને ઓરિએન્ટેશન કાર્યક્રમ

ગૂજરાત વિદ્યાપીઠની શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા ખાતે નવા પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અંતર્ગત રજિસ્ટ્રેશન અને ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવા વિદ્યાર્થીઓને NSS ના ગૌરવશાળી ઈતિહાસ અને તેના સામાજિક ઉત્તરદાયિત્વોથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. વન-ઓન-વન ઇન્ટરવ્યુના કડક અને નિષ્પક્ષ રાઉન્ડ બાદ દેશ સેવાના ઉમદા આશય સાથે નવા ઉર્જાવાન સ્વયંસેવકોની આ મિશનમાં પસંદગી કરવામાં આવી હતી.

## અન્ય પ્રવૃત્તિઓ




કલામંદિર ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી યોજાયેલ **"નરસિંહ મહેતા અને પ્રેમાનંદનાં આખ્યાન – માણભટ્ટ પરંપરાના સથવારે"** કાર્યક્રમમાં ગુજરાતી લોકસાહિત્ય, ભક્તિ અને સંસ્કૃતિનો અદભુત સંગમ સર્જાયો.

પદ્મશ્રી માણભટ્ટ ધાર્મિકલાલ પંડ્યાના સુપુત્રો આખ્યાનકારશ્રી પ્રદ્યુમ્ન પંડ્યા અને મયંક પંડ્યાએ પોતાની જીવંત અને ભાવસભર આખ્યાન પ્રસ્તુતિમાં કુવરબાઈનુ મામેરુ તેમજ મહાકવિ પ્રેમાનંદ રચિત "દશમસ્કંધ" માંથી "શ્રી કૃષ્ણલીલા"ના અંશની રજૂઆત કરી ઉપસ્થિત સૌને ગુજરાતી આખ્યાન પરંપરાનો અનોખો રસાસ્વાદ કરાવ્યો.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી રતિલાલ બોરીસાગર, ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી હર્ષદભાઈ પટેલ ગુરુ ગોવિંદ યુનિવર્સિટીના કુલપતિશ્રી હરિભાઈ કાતરિયા, ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિશ્રી ટી.સી જોશી, ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી ચંદ્રવદનભાઈ શાહ, વિદ્યાપીઠ સ્ટાફ અને વિદ્યાર્થીઓ, આમંત્રિત અતિથિઓ ઉપસ્થિત રહ્યા હતા

## "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના (NSS), માઇક્રોબાયોલોજી વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ




તા. 11-07-2026, શનિવારના રોજ "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના (NSS), માઇક્રોબાયોલોજી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પર્યાવરણ સંરક્ષણ, હરિયાળીનું સંવર્ધન તથા વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે તેવા ઉદ્દેશ્યથી આયોજિત આ કાર્યક્રમ દરમિયાન વિવિધ જાતિના આશરે 200 વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિભાગના તમામ વિદ્યાર્થીઓ તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને વૃક્ષારોપણની કામગીરીમાં સક્રિય સહભાગી બન્યા હતા. કાર્યક્રમ દરમિયાન વૃક્ષોના સંરક્ષણ અને જાળવણીનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું તથા રોપવામાં આવેલા વૃક્ષોની નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. આ આયોજન દ્વારા પર્યાવરણ પ્રત્યેની સામાજિક જવાબદારીને પ્રોત્સાહન મળ્યું અને હરિત પર્યાવરણના નિર્માણ માટે સૌએ પોતાના યોગદાનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે બે નવા ભોજનાલય ખુલ્લા મૂકાયા (13/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના આરોગ્ય અને છાત્રાલય વ્યવસ્થાપન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા અર્થે બે નવા ભોજનાલય ખુલ્લા મૂકવામાં આવ્યાં હતાં. આ અંતર્ગત કન્યા છાત્રાલય ખાતે 'સુરભિ ભોજનાલય'નું ઉદ્‌ઘાટન ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ વિદ્યાર્થિની અને ટ્રસ્ટીશ્રી આયેશાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યારે કુમાર છાત્રાલય ખાતે 'અન્નપૂર્ણા ભોજનાલય'નું ઉદ્‌ઘાટન પૂર્વ વિદ્યાર્થી અને ટ્રસ્ટીશ્રી સુરેશભાઈ રામાનુજના હસ્તે સંપન્ન થયું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની ગરિમામય અધ્યક્ષતામાં યોજાયું હતું.



## માનનીય પ્રથમ મહિલાના જન્મદિવસે રક્તદાન શિબિરનું આયોજન (15/07/2026)



રાજ્યના માનનીય પ્રથમ મહિલા શ્રીમતી દર્શના દેવીજીના જન્મદિવસ નિમિત્તે લોકભવન, ગાંધીનગર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવતાવાદી સેવા કાર્યમાં ગૂજરાત વિદ્યાપીઠના 108 સ્વયંસેવકોએ ઉત્સાહભેર અને સક્રિય રીતે ભાગ લઈને રક્તદાન કર્યું હતું તથા સમાજમાં માનવતાનો ઉમદા સંદેશ પ્રસારિત કર્યો હતો. દેશના યુવાધનના આ પ્રશંસનીય અને સેવાકીય પ્રયાસને સંસ્થા દ્વારા બિરદાવવામાં આવ્યો હતો.

## 'કલા મંદિર' દ્વારા પાંચ દિવસીય હવેલી સંગીત વર્કશોપનો પ્રારંભ



કલામંદિર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તારીખ 27 જુલાઈ 2026 થી 31 જુલાઈ 2026 એમ પાંચ દિવસનો હવેલી સંગીતનો વર્કશોપ યોજાયો હતો. આમાં માર્ગદર્શક તરીકે શ્રી મંગલદાસ બાપોદરા ઉપસ્થિત રહ્યા હતા. 27 તારીખે સાંજે 5:00 વાગે કલામંદિર નિયામક દ્વારા શ્રી મંગલદાસ બાપોદરાનું ખાદી સૂત્રથી સ્વાગત કરવામાં આવ્યું અને ત્યારબાદ આ વર્કશોપ શરૂઆત થઈ. આ વર્કશોપમાં 35 પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. પુષ્ટિમાર્ગ હવેલીમાં સમય અને ઋતુઓના પ્રમાણે અલગ અલગ પદો ગવાય છે, જે શીખવાડવામાં આવ્યા





## કૌશલ્ય વિકાસ અને ગ્રીન એન્ટરપ્રેન્યોરશિપ માટે સમજૂતી કરાર (MoU) (16/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠ અને 'બાયોએન્ઝાઇમ એન્ટરપ્રિન્યોર્સ એકેડેમી ઓફ ઇન્ડિયા' (BEA) વચ્ચે ગાંધીયન સ્વાવલંબન, બાયોએન્ઝાઇમ કૌશલ્ય વિકાસ અને ગ્રીન એન્ટરપ્રેન્યોરશિપને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યા હતા. આ કરારના માધ્યમથી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ, સ્વરોજગાર, પર્યાવરણ સંરક્ષણ તેમજ ગાંધીજીના વિચાર 'અર્ન વ્હાઇલ લર્ન' (ભણવાની સાથે કમાણી) ના અભિગમને એક નવી દિશા અને પ્રેરણા મળશે.

## માઇક્રો ટીચિંગ સ્કીલ્સ પર રાજ્ય કક્ષાનો એક-દિવસીય વર્કશોપ (20/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષણ વિભાગ દ્વારા "રીવિઝીટીંગ માઇક્રો ટીચિંગ સ્કીલ્સ ઇન ધ ડિજિટલ એરા" (ડિજિટલ યુગમાં માઇક્રો ટીચિંગ કૌશલ્યોનું પુનરાવર્તન) વિષય પર રાજ્ય કક્ષાના એક-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ વર્કશોપમાં શૈક્ષણિક ક્ષેત્રના મહાનુભાવો દ્વારા વર્તમાન સમયમાં ડિજિટલ માધ્યમોના ઉપયોગ સાથે અધ્યાપન કૌશલ્યોને વધુ પ્રભાવશાળી બનાવવા અંગે વિસ્તૃત અને સઘન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ઇન્ડિયન નોલેજ સિસ્ટમ પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ (FDP) નો પ્રારંભ (20/07/2026)



ગૂજરાત વિદ્યાપીઠ અને UGC-MMTTC, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે "ઇન્ડિયન નોલેજ સિસ્ટમ" વિષય પર આધારિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો ગૌરવપૂર્ણ પ્રારંભ થયો હતો. આ કાર્યક્રમના ઉદ્ઘાન પ્રસંગે ધ યુનિવર્સિટી ઓફ ઇન્ડિયન ક્લાસિકલ ઇન્સ્ટિટ્યૂટના માનનીય કુલપતિશ્રી ડૉ. બળવંત જાની, ગુજરાત યુનિવર્સિટીના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. જગદીશ જોશી તેમજ ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિ ડૉ. હર્ષદ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મૂલ્ય-આધારિત ભવિષ્યના ઘડતર માટે આપણી સાંસ્કૃતિક પરંપરાઓ અને મૂળભૂત જ્ઞાન સાથે પુનઃ જોડાણ કરવાનો છે.

## ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ વિભાગો અને શાળાઓમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી (29/07/2026)

ભારતીય સંસ્કૃતિના પવિત્ર અને આદરણીય પર્વ એવા ગુરુપૂર્ણિમાના પાવન અવસર પર ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ શૈક્ષણિક વિભાગોમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ગરિમાપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા પોતાના આચાર્યો અને ગુરુવર્યો પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.



ગૂજરાત વિદ્યાપીઠ મંડળ, અમદાવાદ સંચાલિત ગુજરાત કુમાર મંદિર, વિનય મંદિર અને અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, દેથલી ખાતે ભારતીય સંસ્કૃતિના અમૂલ્ય વારસા સમાન ગુરુપૂર્ણિમા પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન, અર્ચન અને વંદન દ્વારા પોતાના ગુરુદેવો પ્રત્યે પરમ આદર અને નિષ્ઠા પ્રગટ કરી ભારતીય સંસ્કારોનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## ગૂજરાત વિદ્યાપીઠ પ્રકાશન મંદિરની નૂતન પ્રકાશન સૂચિનું વિમોચન (20/07/2026)





ગૂજરાત વિદ્યાપીઠની સદીથી વધુ સમયથી વિકસેલી પ્રકાશન પરંપરા અને ગાંધી વિચાર, શિક્ષણ, ભાષા-સાહિત્ય, ભારતીય સંસ્કૃતિ તથા સંશોધન જેવાં વિવિધ ક્ષેત્રોમાં થયેલા જ્ઞાનસર્જનનો પરિચય કરાવતા આ મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ - નૂતન પ્રકાશન સૂચિ (Book Catalogue)નું વિમોચન ગુજરાતના પૂર્વ શિક્ષણમંત્રી અને ગૂજરાત વિદ્યાપીઠના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ, પ્રો. અજય પરીખ તથા પ્રકાશન મંદિરના નિયામક ડૉ. પ્રદીપ પટેલના હસ્તે કરવામાં આવ્યું.

ગૂજરાત વિદ્યાપીઠની સમૃદ્ધ પ્રકાશન પરંપરાને વ્યાપક વાચકવર્ગ સુધી પહોંચાડવાના હેતુથી તૈયાર કરાયેલી આ સૂચિમાં 400થી વધુ પ્રકાશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક પુસ્તક સાથે તેનું મુખપૃષ્ઠ, શીર્ષક, લેખક અથવા અનુવાદક, પ્રકાશન વર્ષ, આવૃત્તિ, કિંમત તેમજ અન્ય જરૂરી બિબ્લિયોગ્રાફિક વિગતો આપવામાં આવી છે. પ્રથમવાર આટલી વિસ્તૃત માહિતી સાથે તૈયાર થયેલી આ સૂચિ વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો, ગ્રંથાલયો અને પુસ્તકપ્રેમીઓ માટે મદદરૂપ બની રહેશે.

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણના 6 વર્ષ પૂર્ણ થતાં શૈક્ષણિક ગોષ્ઠીનું આયોજન (29/07/2026)




તા. 29 જુલાઈ, 2026ના રોજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ના સફળ અમલીકરણના છ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગૂજરાત વિદ્યાપીઠ તથા ગુજરાત યુનિવર્સિટીના UGC-માલવિયા મિશન ટીચર ટ્રેનિંગ સેન્ટર (MMTTC) દ્વારા સંયુક્ત ઉપક્રમે આયોજિત "ભારતીય જ્ઞાન પ્રણાલી" વિષયક અધ્યાપક સજ્જતા કાર્યક્રમ અંતર્ગત એક વિશિષ્ટ શૈક્ષણિક ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગોષ્ઠીનો મુખ્ય હેતુ ગૂજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020ના અમલીકરણની વર્તમાન સ્થિતિ, પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ, નવી પહેલો તથા ભવિષ્યના માર્ગદર્શન અંગે શૈક્ષણિક ચર્ચા-વિચારણા કરવાનો હતો. કાર્યક્રમમાં તમામ શૈક્ષણિક સેવકો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના પ્રથમ સત્રમાં ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના પ્રતિનિધિઓ દ્વારા પોતાની વિદ્યાશાખામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ અંગે વિસ્તૃત પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિઓમાં અભ્યાસક્રમમાં કરવામાં આવેલા સુધારાઓ, બહુવિષયક અભિગમ (Multidisciplinary Approach), ભારતીય જ્ઞાન પરંપરાનું સંકલન, કૌશલ્ય આધારિત શિક્ષણ, સંશોધન પ્રવૃત્તિઓ, મૂલ્ય આધારિત શિક્ષણ તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરવામાં આવેલા વિવિધ પ્રયાસોની માહિતી રજૂ કરવામાં આવી હતી.



**પ્રસ્તુતિઓનું સમયપત્રક નીચે મુજબ રહ્યું હતું:**

- ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા – ડૉ. સંજય મકવાણા
- વ્યવસ્થાપન અને વાણિજ્ય વિદ્યાશાખા – ડૉ. રાજીવ પટેલ
- વિજ્ઞાન વિદ્યાશાખા – ડૉ. નિખિલ ભટ્ટ
- શિક્ષણ વિદ્યાશાખા – ડૉ. ડાહ્યાભાઈ પટેલ
- શારીરિક શિક્ષણ વિદ્યાશાખા – ડૉ. પ્રભુભાઈ કાસુન્દ્રા
- સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા – ડૉ. પ્રેમાનંદ મિશ્ર
- ICT વિદ્યાશાખા – ડૉ. અજય પરીખ

દરેક ડીનશ્રી/પ્રતિનિધિશ્રીએ પોતાની વિદ્યાશાખામાં NEP-2020ના વિવિધ પાસાઓના સફળ અમલીકરણની માહિતી રજૂ કરી તેમજ ભવિષ્યમાં ગુણવત્તાયુક્ત, સમાવેશી અને મૂલ્યનિષ્ઠ ઉચ્ચશિક્ષણ વ્યવસ્થાના વિકાસ માટેની યોજનાઓ અંગે પણ પ્રકાશ પાડ્યો.

કાર્યક્રમના બીજા સત્રમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. હિમાંશુ પટેલ દ્વારા "વૈદિક ગણિતની સંભાવનાઓ અને ભારતીય જ્ઞાન પ્રણાલી" વિષય પર વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે ભારતીય જ્ઞાન પરંપરાની વૈજ્ઞાનિકતા, વૈદિક ગણિતની ઉપયોગિતા, આધુનિક શિક્ષણમાં તેની પ્રાસંગિકતા તથા નવી શિક્ષણ નીતિના પરિપ્રેક્ષ્યમાં ભારતીય જ્ઞાન પ્રણાલીના મહત્ત્વ અંગે અત્યંત રસપ્રદ અને જ્ઞાનવર્ધક માર્ગદર્શન આપ્યું. ઉપસ્થિત અધ્યાપકોએ પણ આ વિષય પર ચર્ચા અને પ્રાયોગિક કાર્યમાં સક્રિય ભાગ લઈ વિવિધ પ્રશ્નો અને વિચારો રજૂ કર્યા હતા. કાર્યકારી કુલપતિશ્રી ડૉ. અજય પરીખે પોતાનો વિશિષ્ટ અભિપ્રાય અને અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત અધ્યાપકોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ પ્રત્યે નવી પ્રેરણા અને ઉત્સાહ જોવા મળ્યો. વિવિધ વિદ્યાશાખાઓ વચ્ચેના અનુભવના આદાન-પ્રદાન દ્વારા શિક્ષણની ગુણવત્તા વધારવા માટે નવા વિચારો અને સંકલિત અભિગમને પણ પ્રોત્સાહન મળ્યું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાકીય શાખાના અધ્યક્ષ ડૉ. અમીષા શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના સુવ્યવસ્થિત આયોજન અને અસરકારક સંચાલનના પરિણામે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020ના છ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત આ શૈક્ષણિક ગોષ્ઠી ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણની ગુણવત્તા, ભારતીય જ્ઞાન પ્રણાલી, બહુવિષયક શિક્ષણ તથા મૂલ્યલક્ષી શિક્ષણના મજબૂત અમલીકરણ માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શક સાબિત થઈ હતી.

# વિદ્યાપીઠના નોંધપાત્ર સ્નાતક




















## આગામી કાર્યક્રમો




| | |
|---|---|
| 4 થી 6 August | કવિતાની સમજ - કાર્યશાળા |
| 10 થી 14 August | નાટ્ય તાલીમ શિબિર |
| 15 August | ૮૦મો સ્વતંત્રતા દિવસ |
| 29-30 August | ખેલ ભારતી |



હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!
હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મઘમઘતો સાદ,
એવું કાંઈ નહીં!

સાવ કોરોકટાક આભ, કોરોકટાક મોભ, કોરોકટાક બધાં નળિયાં,
સાવ કોરી અગાસી અને તે ય બારમાસી, હવે જળમાં ગણો
તો ઝળઝળિયાં!
ઝીણી ઝરમરનું ઝાડ, પછી ઊજળો ઉઘાડ પછી ફરફરતી યાદ,
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!

કાળું ભમ્મર આકાશ મને ઘેઘૂર બોલાશ સંભળાવે નહીં;
મોર આઘે મોભારે ક્યાંક ટહુકે તે મારે ઘેર આવે નહીં.
આછા ઘેરા ઝબકારા, દૂર સીમે હલકારા લઈને આવે ઉન્માદ,
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!

કોઈ ઝૂકી ઝરૂખે સાવ કજળેલા મુખે વાટ જોતું નથી;
કોઈ ભીની હવાથી શ્વાસ ઘૂંટીને સાનભાન ખોતું નથી.
કોઈના પાલવની ઝૂલ, ભીની ભીની થાય ભૂલ, રોમે રોમે સંવાદ,
એવું કાંઈ નહીં!
હવે પહેલો વરસાદ અને બીજો વરસાદ અને છેલ્લો વરસાદ
એવું કાંઈ નહીં!

– ભગવતીકુમાર શર્મા